**સુવિચાર**
''જીવનમાં એક વાત તો નક્કી જ છે કે, નક્કી કશું જ નથી હોતું.''
:: સૌજન્ય ::
**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

www.amreliexpress.com
સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY
જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

17 YEARS ANNIVERSARY
પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૧૨/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
**૧૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ**
R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com
17 YEARS ANNIVERSARY
અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૮ વર્ષ : ૧૬ અંક : ૩૦૫

### હોમગાર્ડ જવાનોની સતર્કતાનાં કારણે ચોરીનો બનાવ અટકયો

# બાબરાની રહેણાંક સોસાયટીમાં મોડી રાત્રિએ 3 તસ્કરો ચોરીને અંજામ આપે તે પહેલા રફુચક્કર

### ગીરકાંઠામાં રાત્રિનાં સમયે સિંહોના આંટાફેરા પણ જોખમી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૨

અમરેલીજિલ્લામાંરાત્રિનાં સમયે કાં તો સિંહ, દીપડા જેવા રાનીપશુઓનાં અને અમુક વિસ્તારમાં તસ્કરોનાં આંટાફેરા જનતાની મીઠી નિંદ્રામાં વિક્ષેપ ઉભો કરી રહ્યા છે.

ગીરકાંઠાનાં વિસ્તારમાં રાત્રિનાંસમયેસિંહ, દીપડાજેવાખુંખાર પ્રાણીઓનીઅવરજવર ગામમાંલાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થાય છે તો બાબરામાં તસ્કરોનાં આંટાફેરા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.

બાબરા શહેરમાં આવેલી સ્વામીનારાયણ સોસાયટીમાં બુધવારની મોડી રાત્રિએ ચોરીનો મોટો પ્રયાસ નિષ્ફળ ગયો હતો. રાત્રિ પેટ્રોલિંગમાં રહેલા હોમગાર્ડઝ જવાનોની સતર્કતાને કારણે ચોરીના ઈરાદે આવેલા ત્રણ તસ્કરોને ઊભી પૂંછડીએ ભાગવું પડયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર મોડી રાત્રિના સુમારે ત્રણ જેટલા અજાણ્યા શખ્સો સ્વામીનારાયણ સોસાયટીમાં ઘૂસ્યા હતા અને કોઈ રહેણાંકી મકાનને નિશાન બનાવવાની ફિરાકમાં હતા. જોકે, વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા હોમગાર્ડ જવાનોની નજર આ શંકાસ્પદ ગતિવિધિ પર પડી હતી.

હોમગાર્ડ જવાનોએ તુરંત જ સતર્કતા દાખવી તસ્કરો તરફ દોટ મૂકી હતી. પોતાની પોલ ખૂલી જતાં, ત્રણેય તસ્કરો ગભરાઈ ગયા હતા અને ચોરી કર્યા વિના જ ભાગી છૂટયા હતા. તસ્કરો અને હોમગાર્ડ જવાનો વચ્ચે થયેલી નાસભાગના દ્રશ્યો સોસાયટીમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા છે.

હોમગાર્ડની આ સમયસૂચકતા અને બહાદુરીને કારણે સોસાયટીના રહીશો મોટી નુકસાનીમાંથી બચી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ આ જ સોસાયટીમાં આવેલા મંદિરમાં ચોરીની ઘટના બની ચૂકી છે, ત્યારે હોમગાર્ડઝની આ કામગીરી સરાહનીય છે. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# અમરેલી જિલ્લાનું સર્વાધિક લોકપ્રિય દૈનિક ''અમરેલી એક્સપ્રેસ''નો ૧૭માં વર્ષમાં પ્રવેશ

અમરેલી જિલ્લાની ધીંગીધરા પરથી સતત ૧૬ વર્ષથી પ્રસિધ્ધ થતાં જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર "અમરેલી એકસપ્રેસ" આજે ૧૭ માંવર્ષમાંમંગલપ્રવેશકરીરહ્યુંહોય શુભેચ્છકો, વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, જુદી–જુદી સેવાકીય અને રાજકીય સંસ્થાઓ ધ્વારાશુભકામનાંપાઠવવામાંઆવી રહી છે.

અમરેલી જિલ્લા જેવા આર્થિક રીતે પછાત વિસ્તારમાંથી દૈનિક વર્તમાનપત્ર પ્રસિધ્ધ કરવા માટેજબ્બરીમહેનત,અખૂટઆત્મ વિશ્વાસ, ધીરજઅનેજનતાનોપ્રેમ હોયતોજશકયબનેઅનેજિલ્લાની જનતાનાં અપાર પ્રેમ, વાંચકો અને વિજ્ઞાપનદાતાઓનાં સહયોગથી વર્તમાનપત્ર અનેક અવરોધ વચ્ચે પણસડસડાટઆગળવધીરહ્યુંછે.

અમરેલી જિલ્લાનાં છેવાડાનાં માનવીની વ્યથાને વાચા આપવાથી લઈને જુદી–જુદી સેવાકીય અને શૈક્ષણિક સંસ્થાઓ ધ્વારા થતી વિવિધ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવાની સાથે ધાર્મિક સંસ્થાઓ ધ્વારા આયોજિત કાર્યક્રમનેપણયોગ્યસ્થાનઆપવાની સાથેવ્યકિતગત કે સામૂહિક રીતે થતાં સમાજસેવાનાં કાર્યોનાં અહેવાલો પણ નિયમિત પ્રસિધ્ધ થાય છે.

તદ્ઉપરાંત, સરકારી વિભાગોધ્વારાથતાંજુદા–જુદાવિકાસ કાર્યોને પણ પુરતા પ્રમાણમાં વાચા આપવામાં આવે છે. તો રાજકીય આગેવાનોધ્વારાથતાંજનલક્ષીકાર્યોનાં અહેવાલો પણ સચિત્ર પ્રસિધ્ધ થતાં રહે છે.

જિલ્લાનાંબિસ્માર માર્ગો, ગંદકી, અસામાજિક પ્રવૃત્તિઓને પણ ઉજાગર કરીને શાસકો સુધી વિગતો પહોંચાડવામાં આવી રહી છે. તો જિલ્લામાં શિક્ષણ, આરોગ્ય, પરિવહન, માર્ગો, રોજગારી વધે તે માટે પણ અવારનવાર અહેવાલો પ્રસિધ્ધ કરવામાં આવે છે. જિલ્લાની વેપારી આલમ, ઉદ્યોગપતિઓનાં કોઈ પ્રશ્નો હોય તો તેને પણ ઉજાગર કરવાનો હંમેશા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

"અમરેલી એકસપ્રેસ" ની શરૂઆતથી આજથી ૧૬ વર્ષ પહેલા માત્ર બ્લેક એન્ડ વ્હાઈટનાં ૪ પેઈઝ સાથે શરૂ થયા બાદ જનતાનાં આપારપ્રેમનાં કારણે માત્ર ૮ મહિના બાદ જ ૮ પેઈઝનું સંપુર્ણ વર્તમાનપત્ર બની ગયુ. અને થોડા મહિનાઓ બાદ ફર્સ્ટ અને લાસ્ટ પેઈઝ કલર સાથેનુ વર્તમાનપત્ર બની ગયુ.

જિલ્લાની જનતા વર્તમાનપત્રનાં અહેવાલોથી પ્રારંભથી જ પ્રભાવિત રહી છે. અને હજુ પણ તે સિલસિલો યથાવત છે. જિલ્લાની વિવિધ સમસ્યાઓના અહેવાલો સતત પ્રસિધ્ધ થતાં અનેક સમસ્યાઓનું નિરાકરણ પણ થતાં જનતામાં અહોભાવની લાગણી પણ જોવા મળી રહી છે.

અમરેલી જિલ્લાનું એકમાત્ર દૈનિક વર્તમાનપત્ર એવું છે કે સરકારની આર્થિક મદદ, જાહેરખબર વગર પ્રસિધ્ધ થાયછે. વિજ્ઞાનપનદાતાઓનાંસહયોગથી જજિલ્લાનાંવિકાસમાટેસતતકાર્ય કરવામાં આવી રહ્યું છે. આ તકે જિલ્લાનાં વાંચકો, એજન્ટ મિત્રો અને વિજ્ઞાપન દાતાઓ સહિત તમામ શુભેચ્છકોનો પણ ૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આભાર માનું છું.

તંત્રી
મનોજ રૂપારેલ

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

"NAARI WELCOMES NEW TEAM MEMBER"

naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
▪ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
▪ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ▪ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
➜ ૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ➜ ૧૫૦૦ + સિઝેરીયન
➜ ૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ડોકટર હાઉસ અમરેલી ખાતે પ્રથમ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ
ડો.અલ્પેશ કિકાણી — હિમેટોલોજીસ્ટ અને ઓન્કોલોજીસ્ટ, લોહી તથા કેન્સરનાં રોગોના નિષ્ણાંત, તા.૧૨/૧૨/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૦૪:૩૦ થી ૦૫:૩૦
ડો. આકાશ માકડીયા — પેડિયાટ્રિક ઓર્થો. સર્જન, બાળકોના હાડકાનાં નિષ્ણાંત, તા.૧૨/૧૨/૨૦૨૫ - શુક્રવાર, સાંજે ૦૪:૩૦ થી ૦૬:૦૦
ડો. મનિષ પટ્ટણી — ન્યુરો ફીજીશ્યન, મગજના રોગોનાં નિષ્ણાંત, તા.૧૩/૧૨/૨૦૨૫ - શનિવાર, સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦
( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. દ્રષ્ટિ પંડયા




૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,16,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૧૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના
અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે ૧૬ વર્ષથી દિવસ-રાત ભારે જહેમત ઉઠાવતા ''અમરેલી એકસપ્રેસ'' દૈનિકના ૧૭માં વર્ષના મંગલ પ્રારંભે તંત્રી મનોજ રૂપારેલ અને તેમની ટીમને હાર્દિક અભિનંદન સહ ''અમરેલી એકસપ્રેસ'' વર્તમાનપત્ર વધુમાં વધુ સફળતાના શિખરો સર કરે તેવી શુભકામનાઓ...

શ્રી વસંતભાઈ ગજેરા
(ચેરમેનશ્રી)
Laxmi Diamond Since 1972
: શુભેચ્છક :
શાંતાબા મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ
શાંતાબા જનરલ હોસ્પિટલ કેમ્પસ, એસ.ટી.બસ સ્ટેન્ડ પાછળ, અમરેલી.
SHANTA baa

### ૬૦ લાખ વોટની ચોરીનો કરેલ આક્ષેપ સાચો : કોંગ્રેસ

# ગુજરાતમાં ૫.૦૮ કરોડ મતદારોમાંથી ૭૪ લાખથી વધુ નામો મૃત, ડુપ્લિકેટ અથવા સ્થળાંતરિત

### ભાજપની દરેક જીતમાં ૧૪ ટકા વોટચોરીનો મોટો ફાળો : ચાવડા



અમદાવાદ, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર વાર્તાને સંબોધતા જણાવ્યું હતું કે, દેશના બંધારણે દરેક નાગરિકને એક વ્યકિત એક વોટનો અધિકાર આપ્યો છે, જે માત્ર મતાધિકાર નથી પરંતુ આ દેશની લોકશાહીનું રક્ષણ કરવાની જવાબદારી પણ છે. છેલ્લા કેટલાય વર્ષોથી ચૂંટણી પંચની નિષ્પક્ષતા, તટસ્થતા અને પારદર્શિતા પર ગંભીર સવાલો ઊઠતા આવ્યા છે. અનેક પુરાવાઓ સામે આવ્યા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

રાહુલ ગાંધીજીએ જે રીતે આખા દેશના મનમાં રહેલી ચૂંટણી પ્રક્રિયા સંબંધિત શંકાઓને પુરાવા સાથે ઉજાગર કરી, વોટચોરીના નેકસસને ખુલ્લું પાડયું, તે લોકશાહી માટે ઐતિહાસિક ક્ષણ છે. ૭ ઓગષ્ટ ૨૦૨૫ની તેમની પ્રથમ પ્રેસ કોન્ફરન્સમાં કર્ણાટકમાં થયેલી વોટચોરીના તથ્યો રજૂ કર્યા, પરંતુ ચૂંટણી પંચ ચૂપ રહ્યું. બીજી તરફ, સરકાર અને ભાજપના નેતાઓ ખોટા આક્ષેપો કરીને વિમુખ કરવાનો પ્રયાસ કરતા રહ્યા. ૫ નવેમ્બર ૨૦૨૫ની બીજી પ્રેસ કોન્ફરન્સમાં હરિયાણાની મતદાર યાદીમાં વિદેશી અભિનેત્રીના ફોટા સાથે ૨૨ વખત નામ નોંધાયેલાનું ખુલાસા થયા, હજારો ખોટા મતદારો મળી આવ્યા તે આખા દેશમાં હાઈડ્રોજન બોમ્બ સમાન સાબિત થયું છતાં ચૂંટણી પંચ ફરી પણ ચૂપ.

ગુજરાતમાં પણ વોટચોરીને લઈને પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ગંભીર કામ થયું. નવસારી લોકસભા (કે જેમાંથી ચૂંટાઈને સી.આર. પાટીલ આજે કેન્દ્રના મંત્રી છે) ના ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ૪૦% મતદારોની ચકાસણી કરતા ૧૨% મતદારો ખોટા કે શંકાસ્પદ હોવાનું બહાર આવ્યું. રાજયભરમાં આ રેશિયો પ્રમાણે ૬૦ લાખથી વધારે ખોટા મતદારો હોવાની તા. ૩૦ ઓગષ્ટ, ૨૦૨૫ ના રોજ અમારી રજૂઆતને ભાજપ અને ચૂંટણીપંચ સતત નકારી રહ્યા હતા. આજે ખુદ ચૂંટણી પંચે સ્વિકાર્યું છે કે, એસઆઈઆર પ્રક્રિયામાં કુલ ૫,૦૮,૪૩,૪૩૬ મતદારો પૈકી ૧૪.૬૧% એટલે ૭૪ લાખથી વધારે મતદારો અહિ હયાત નથી, મૃત્યુ પામેલા છે, ડુપ્લિકેટ છે અથવા સ્થળાંતરિત છે તેવું જાહેર કરીને અમારા મુદ્દાને સાચો સાબિત કર્યું છે. આનો સ્પષ્ટ અર્થ છે કે ગુજરાતમાં ૨૦૦૨થી અત્યાર સુધીની ભાજપ દ્વારા જીતેલી દરેક ચૂંટણીમાં ૧૪% જેટલી વોટચોરી થઈ છે.

એસઆઈઆરની પ્રક્રિયામાં તૈયારીના અભાવ, બીએલઓ પર રાજકીય દબાણ અને માનસિક ત્રાસના કારણે રાજયમાં ૯ જેટલા બીએલઓના કરૂણ મોત થયા. તેમ છતાં ચૂંટણી પંચ પોતાની ભૂલો ઢાંકવાની કોશિષમાં છે. બીજી બાજુ વિદેશમાં રહેતા, નાગરિકતા બદલી ચૂકેલા લોકોના મતદારો યાદીમાં યથાવત છે, જે ફોર્મ કોઈ બીજા લોકો ભરીને જમા કરાવતા હોવાના સ્પષ્ટ પુરાવા છે. ડુપ્લિકેટ વોટર્સની યાદી જાહેર કરવાની અમારી માંગ આજે પણ અધૂરી છે.

દેશની સંસદમાં પણ ચૂંટણી પંચની પારદર્શિતા અને કાનૂની રક્ષણ બાબતે ગંભીર ચર્ચા થઈ, છતાં સરકાર કોઈ સંતોષકારક જવાબ આપી શકી નથી. દેશની જનતાનો પ્રશ્ન છે કે શું કારણ છે કે ચીફ જસ્ટિસને ચૂંટણી કમિશનરના પસંદગી પેનલમાંથી દૂર કર્યા ? શું કામ ચૂંટણી પંચને અતિશય કાનૂની સુરક્ષા આપવામાં આવી ? સીસીટીવી ફૂટેજ ૪૫ દિવસમાં શા માટે ડિલીટ કરવામાં આવે છે ? આ બધું આજનું સૌથી મોટું રાજકીય–લોકશાહી સવાલ છે.

વોટચોરીના આ નેકસસ સામે સમગ્ર દેશમાં એક જ નારો ગુંજાયો "વોટ ચોર, ગાદી છોડ". આ લોક આંદોલનને વધુ મજબૂત બનાવવા માટે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા શરૂ કરાયેલ "વોટ ચોર, ગાદી છોડ" સહી ઝુંબેશે ગુજરાત સહિત દેશભરમાં વ્યાપક પ્રતિસાદ મેળવ્યો છે. માત્ર ગુજરાતમાંથી ૧૦ લાખથી વધુ લોકોએ આ ઝુંબેશમાં ભાગ લઈને લોકશાહી બચાવવાની માંગણીને સમર્થન આપ્યું છે. દેશભરમાં કરોડો સહીઓ એકત્રિત થઈ છે, જેને ૧૪ ડિસેમ્બરે દિલ્હી ખાતે યોજાનારી ઐતિહાસિક "વોટ ચોર, ગાદી છોડ" મહારેલીમાં ચૂંટણી પંચને સુપરત કરવામાં આવશે.

દિલ્હીના રામલીલા મેદાન ખાતે તા. ૧૪ ડિસેમ્બર રવિવારના રોજ બપોરે ૧ કલાકે યોજાનારી આ મહારેલીમાં કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સમગ્ર દેશમાં વોટચોરીને ઉજાગર કરનાર જનનાયક રાહુલ ગાંધી, સંગઠન મહામંત્રી કે.સી. વેણુગોપાલજી તથા તમામ વરિષ્ઠ નેતૃત્વ ઉપસ્થિત રહેશે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ તમામને આહ્વાન કરેછે કે લોકશાહી બચાવવા, વોટના સંવૈધાનિક હક્કની રક્ષા કરવા, અને વોટચોરીના આ ગઠબંધન સામે લડવા માટે ૧૪ ડિસેમ્બરે મોટી સંખ્યામાં દિલ્હી પહોંચીને. વોટચોરોને ખુલ્લા પાડવા અને ગાદી છોડાવવાના અડગ સંકલ્પને સમર્થન આપવા અને આ લડાઈ પૂરી મજબૂતી સાથે લડવા સૌને આમંત્રણ છે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કોકન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ, પ્રવકતા ડો. પાર્થિવરાજસિંહ કઠવાડીયા, ડો. અમિત નાયક હાજર રહ્યાં હતાં.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પૂજય જીગ્નેશ દાદા રાધે રાધેના સાનિધ્યમાં

# તથાસ્તુ વિદ્યાપીઠ ખાતે ત્રિદિવસીય વિપ્ર ડે ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

### બ્રહ્મસમાજના ક્રિકેટ ખેલાડીઓ આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે



અમરેલી, તા. ૧૧

અમરેલી નજીક લાઠી હાઈવે માર્ગ પર આવેલ તથાસ્તુ વિદ્યાપીઠ સ્પોર્ટ ગ્રાઉન્ડ ખાતે પૂજય જીગ્નેશ દાદા રાધે રાધેના સાનિધ્યમાં તારીખ ૧૨ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૫ ત્રિદિવસીય વિપ્ર ડે ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન–૧ ૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શ્રીહરી ઈલેવન રાજકોટ પરશુરામ ઈલેવન સાવરકુંડલા પુરૂષાર્થ ઈલેવન લાઠી તથાસ્તુ વોરિયર્સ દેવલી ઈલેવલ રાજકોટ, મહાકાલ ઈલેવન સહિત ગુજરાત ભરમાંથી ૧૬ જેટલી ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લેનાર છે. આ ટુર્નામેન્ટનો સમય સવારના ૮:૦૦ થી સાંજના છ કલાક સુધીનું રહેશે આ ટુર્નામેન્ટના પ્રથમ વિજેતા ટીમને રૂપિયા ૨૧૦૦૦ રોકડ પુરસ્કાર અને ચેમ્પિયન ટ્રોફી દ્વિતીય વિજેતા ટીમને રૂપિયા ૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર અને રનર અપ ટ્રોફીઅને બેસ્ટ બેસ્ટમેન અને બેસ્ટ બોલરને ૩૨ ઈંચ ના ટીવી અને ટ્રોફી પૂજય જીગ્નેશ દાદાના હસ્તે એનાયત કરવામાં આવશે તેમ મનોજ જોશીની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાયોગેસ પ્લાન્ટમાંથી મેળવો, ગેસ, ખાતર અને બનાવો ગોબર સ્ટિક



અમરેલી, તા. ૧૧

**બાયોગેસ પ્લાન્ટ :** પશુપાલન સાથે જોડાયેલ ખેડૂત પરિવારો માટે તો બાયોગેસ પ્લાન્ટ આશીર્વાદરૂપ નીવડી શકે છે. આજે દેશનાં ઘણાં ગામડાંમાં સામુદાયિક કે વ્યકિતગત રૂપે બાયોગેસ પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે. ગોબર ગેસ પ્લાન્ટ કરાવવાથી ઉકરડાની દુર્ગંધથી તો છૂટકારો મળે જ છે, સાથે–સાથે મહિલાઓનો સમય પણ બચે છે. આ ઉપરાંત બાયોગેસ પ્લાન્ટમાંથી મળતા ગેસના કારણે ચૂલાના ધૂમાડાથી છૂટકારો મળે છે અને રાંધણ ગેસના ખર્ચમાંથી પણ છૂટકારો મળે છે.

**બાયોગેસ પ્લાન્ટ બનાવતાં પહેલાં ધ્યાનમાં રાખવા જેવી બાબતો :** પ્લાન્ટની નજીક પાણીનો કુવો હોવો જોઈએ નહીં. પ્લાન્ટની નજીકમાં કોઈ ઝાડ હોવું ન જોઈએ. પ્લાન્ટની નજીક જાજરૂનો શોષકુવો ન હોવો જોઈએ. પ્લાન્ટ એવી જગ્યાએ ન બનાવવો જયાં ચોમાસામાં પાણી ભરાતું હોય. દિવસે પ્લાન્ટ પર સૂર્યનો તડકો પડતો હોય તો વધારે સારૂં. ગોબર ગેસ પ્લાન્ટમાં નાખવામાં આવતો રગડો એકરસ હોવો જોઈએ. (જેટલું છાણ હોય એટલું જ પાણી નાખી એકરસ કરવું અને અંદર કાંકરા હોય તો કાઢી લેવા. આ રગડો રોજ પ્લાન્ટમાં નાખવો.) પ્લાન્ટ સાથેની પાઈપનું ફીટિંગ બરાબર હોવું જોઈએ, જેથી રસોડા સુધી બરાબર ગેસ પહોંચી શકે.

**બાયોગેસ પ્લાન્ટના ફાયદા :** ઉકરડાની ઉર્ગંધથી છુટકારો મળે. છાણાં થાપવાની મહેનત બચે. ધૂમાડાના અને લાકડાં બાળવાના કારણે પર્યાવરણને થતા નુકસાનને અટકાવી શકાય. રાંધણ ગેસનો ખર્ચ બચે. ખેતર અને બગીચા માટેનિયમિત ખાતર મળતું રહે.

સામાન્ય રીતે ઘણી ગૌશાળાઓમાં છાણમાંથી ગાયનાં લાકડાં બનાવવામાં આવે છે, પરંતુ તેનાથી છાણના બીજા ફાયદા આપણે ગુમાવીએ છીએ. તેની જગ્યાએ આ છાણમાંથી ગોબર ગેસ ઉત્પન્ન કરવામાં આવે, તો તેનાથી ગેસ તો મળે જ છે, સાથે–સાથે તેમાંથી મળતી સ્લરીનો ઉપયોગ ખેતરમાં ખાતર તરીકે થાય છે અને છેલ્લા આઉટકમમાંથી આ ગોબર ડંડા બનાવી શકાય છે. જેનો ઉપયોગ આજકાલ ઘણાં સ્મશાનમાં કરવામાં આવે છે. જેથી એટલાં જંગલો કપાતાં અટકાવી શકાય છે.

**– મિતલ ખેતાણી**
**(મો. ૭૦૬૯૨ ૨૧૯૯૯)**

### બાઈકમાં અજાણ્યા ઈસમોને બેસાડતા

# કડીયાળીમાં ૬૬ કેવી જેટકોમાં ફરજ બજાવતાં હેલ્પરનાં નાણાની ચોરી

### સ્થાનિક પોલીસે નાણા ચોરી કરનારને ઝડપી લીધો



અમરેલી, તા. ૧૧

મહુવા ગામે રાધાપાર્ક–એ બ્લોક નં. ૦૪ વી.ટી.નગર રોડ ઉપર રહેતાં અને જીઈબીના ૬૬–કેવી કડીયાળી ગામે આવેલ જેટકોમાં હેલ્પર તરીકે પ્રાઈવેટ નોકરી કરતાં લાભેશપરી કેશવપરી ગૌસ્વામી નામનાં ૩૫ વર્ષીય યુવક ગત તા. ૭ના રોજ બપોરના એકાદ વાગ્યે નોકરી પુરી કરીને રાજુલા મોટર સાઈકલનો સામાન લેવા માટે ગયેલ અને રાજુલાથી પરત આવત હોય ત્યારે એક બ્રિજ નીચેથી કાળા કલરનુ ડબલ સવારી મોટર સાઈકલ આવેલ હોય અને કડીયાળી જેટકોમાં જવુ છે તેમ કહેતાં તો તેઓએ યુવકને મોટર સાઈકલમાં વચ્ચે બેસાડી દિધેલ અને બાદમાં યુવકને કડીયાળી ગામે આવેલ ફોરવે ચોકડીના હાઈવે બ્રિજ ઉપર ઉતારી દિધેલ હોય. ત્યારે યુવકના ખીસ્સામાં પૈસા મળી આવેલ ન હોય યુવકની જાણ બહાર તેમનાં પેન્ટના પાછળના ખીસ્સામાં રહેલ ૫૦૦–૫૦૦ના દરની ચલણી નોટો નંગ–૩૫ મળી કુલ રોકડ રૂપિયા ૧૭,૫૦૦ હોય જે મોટર સાઈકલમાં બેસીને આવેલ તે અજાણ્યા બન્ને માણસોએ જાણ બહાર રૂપિયા ૧૭,૫૦૦ની ચોરી કરી લીધેલ હોવાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસ હાથ ધરેલ હતી.

ત્યારે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે આરોપીની સઘન તપાસ કરતાં આ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજુલા ગામે તત્વજયોતિ વિસ્તારમાં રહેતાં સોનુ ઉર્ફે ભુરો કિશોરભાઈ સોલંકી નામના ઈસમને પકડી પાડી અને આ પકડાયેલ ઈસમની સઘન પુછપરછ કરતા આ ચોરીની કબુલાત આપતા તેમની રોકડ રકમ રૂપિયા ૧૫,૦૦૦ સાથે અમરેલી એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

### સમગ્ર તંત્રમાં હલચલ મચી ગયા બાદ

# સાવરકુંડલા પંથકમાંથી લેવાયેલ નમૂનાનો કોંગો ફીવરનો રીપોર્ટ નેગેટિક આવતા હાશકારો

### માનવ મંદિરના પૂ. ભકિતરામબાપુએ બેઠક બોલાવી





અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા ખાતે આવેલા સુપ્રધ્ધિ માનવ મંદિર આશ્રમમાં રહીને અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને થોડા સમય પહેલા કોંગો ફીવર હોવાની આશંકા જતા ચકચાર મચી જવા પામી હતી. જયારે આ વિદ્યાર્થીના જરૂરી સેમ્પલો લેવામાં આવેલ હતા. અને તે સેમ્પલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. જો કે આ બનાવમાં આ વિદ્યાર્થીનો કોંગો ફીવરનો રિપોર્ટ નેગેટિવ આવતા સાવરકુંડલા સહિત આશ્રમના લોકોએ રાહતનો દમ લીધો હતો.

આ બનાવમાં મળતી વિગત મુજબ સાવરકુંડલા માનવ મંદિર ખાતે આવેલ ગુરૂકુલમાં રહેતા અને ધોરણ ૧૧માં અભ્યાસ કરતો એક ૧૭ વર્ષિય વિદ્યાર્થીને ગત તારીખ ૪ ના રોજ કોંગો ફીવર હોવા અંગે શંકા જોવા મળતા અને કોંગો ફીવરની ગંભીરતાને ધ્યાને લઈ આ વિદ્યાર્થીને સાવરકુંડલાથી અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયેલ હતો. આ વિદ્યાર્થીના તમામ જરૂરી સેમ્પલ પુના ખાતે આવેલ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા.

આ બાજુ અમરેલી જિલ્લાની આરોગ્યની ટીમ માનવ મંદિર ખાતે આવી જુદી જુદી દિશામાં તપાસ કરી અલગાવ અલગ સ્થાન ઉપરથી સેમ્પલો લીધા હતા. અને દવાનો છંટકાવ કર્યો હતો.

ત્યારે અમરેલીના જિલ્લા આરોગ્ય અધિકારી ડોકટર એ.કે. સિંહ ધ્વારા ભકિતબાપુને આ બાળકનો રિપોર્ટ આવી જતા રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. તેમ જાણ કરવામાં આવી હતી. અંત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક દાયકા દરમિયાન અમરેલી જિલ્લામાં કોંગો ફિવર અવારનવાર દેખાયો છે. જેને પગલે આરોગ્યતંત્ર પણ સાવચેત રહેતું હોય, જો કે આ રિપોર્ટ નેગેટિવ આવતા સૌએ રાહતનો દમ લીધો છે. માનવ મંદિરના ભકિતબાપુએ કોંગો ફિવરને લઈને બેઠક બોલાવીને ચર્ચા કરવામાં આવી હતી. જેમાં સૌ કોઈ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લાનાં પ્રભારી સચિવે શાળા કેમ્પસ, આંગણવાડીની મુલાકાત લીધી



આજરોજ અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારે જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ અને બાબરા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નંદઘર–આંગણવાડી અને પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈને આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ વ્યવસ્થા અને મધ્યાહન ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું હતું. લાઠી તાલુકાના ચાવંડ મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે મુલાકાત વેળાએ પ્રભારી સચિવ સંદિપકુમારે દૈનિક ઓ.પી.ડી, વિવિધ સારવાર, ચાઈલ્ડ સ્ટન્ટિંગ અને વેસ્ટીંગ સંબંધિત કામગીરી, નાના બાળકોની આરોગ્ય સારવાર અને સુવિધાઓ વિષયક વિસ્તૃત જાણકારી મેળવી હતી, વિવિધ સુવિધાઓનું નિરીક્ષણ કર્યુ હતું. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાવંડ ખાતે પ્રભારી સચિવએ જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, લાઠી–બાબરા પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, આરોગ્ય કેન્દ્ર મેડિકલ ઓફીસર અને અન્ય સ્ટાફ સભ્યો સાથે બેઠક પણ કરી હતી. પ્રભારી સચિવ સંદીપકુમારે ચાઈલ્ડ ન્યુટ્રીશન, ચાઈલ્ડ સ્ટન્ટિંગ (ઊંચાઈ પ્રમાણે ઓછું વજન) અને ચાઈલ્ડ વેસ્ટિંગ (લંબાઈ પ્રમાણે અત્યંત દુબળાપણું) વિશે, ઉપરાંત આંગણવાડીમાં પ્રવેશપાત્ર ભૂલકાઓના નામાંકન સહિતના મુદ્દે ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને પ્રગતિલક્ષી કામગીરી માટે વિવિધ દિશાનિર્દેશો આપ્યા હતા, સૂચનાઓ આપી હતી. પ્રભારી સચિવએ બાળકોની આરોગ્ય તપાસણી સંબંધિત માહિતી પણ મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં આંગણવાડી અને શાળાકક્ષાએ બાળકોની આરોગ્ય તપાસણી નિયમિત રીતે વિવિધ ૩૦થી વધુ આરોગ્ય ટીમો દ્વારા કરવામાં આવી રહી છે. પ્રભારી સચિવએ આ કામગીરીની પ્રશંસા કરી હતી. જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારે ચાવંડ ખાતે પ્રાથમિક શાળા કેમ્પસ, આંગણવાડી–નંદઘર ખાતે મુલાકાત કરીને બાળકો સાથે સહજ વાર્તાલાપ કર્યો હતો અને મધ્યાહન ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું. પ્રભારી સચિવએ બાબરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે બાલ સેવા કેન્દ્ર, ઓ.પી.ડી વોર્ડ, ફીજીયોથેરાપી રૂમ, ડેન્ટિસ્ટ વિભાગની મુલાકાત કરી આરોગ્ય સુવિધાઓનું નીરિક્ષણ કર્યુ હતું. જિલ્લામાં આરોગ્યલક્ષી કામગીરી વધુમાં વધુ સારી રીતે થાય તે માટે વિવિધ દિશાનિર્દેશો આપ્યા હતા. ઉપરાંત બાબરા સ્થિત આંગણવાડીની મુલાકાત કરીને બાળકોને સહજ સ્નેહે સવાલો પૂછયા હતા, મધ્યાહન ભોજન સંબંધિત વ્યવસ્થાઓનું નીરિક્ષણ કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, આંગણવાડીમાં પ્રવેશપાત્ર ભૂલકાઓનું નામાંકન, નોંધણી બાકી ન રહે તે માટે પ્રભારી સચિવ સંદીપકુમારે સંબંધિત અધિકારીઓને સ્થળ પર જ સૂચનાઓ આપી હતી. અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારની વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળાઓ, આંગણવાડી નંદઘરની મુલાકાત વેળાએ સ્થાનિક પદાધિકારીઓ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, લાઠી–બાબરા પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા, મામલતદાર, તાલુકા આરોગ્ય અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલનના સર્વે અધિકારીઓની બેઠક યોજાઈ






વિકસિત ભારત@૨૦૪૭ના સોનેરી સપનાને સાકાર કરવા માટે વિકસિત ગુજરાત @૨૦૪૭ ગ્રોથ એન્જિન સાબિત થશે. આ દિશામાં રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે. ગુજરાતમાં આરોગ્ય, શિક્ષણ, આંતરમાળખું, કોસ્ટલ એરિયાનો વિકાસ સહિતના ક્ષેત્રોમાં વિવિધ વિકાસકામો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે. આજરોજ અમરેલી જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારે જિલ્લાના લાઠી તાલુકાના ચાવંડ અને બાબરા મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, નંદઘર–આંગણવાડી અને પ્રાથમિક શાળાઓની મુલાકાત લઈને આરોગ્ય સુવિધાઓ, શિક્ષણ વ્યવસ્થા અને મધ્યાહન ભોજન વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યુ હતું. જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંકલનના સર્વે અધિકારીઓ સાથે બેઠક યોજાઈ હતી. 'વિકસિત ગુજરાત' ની નેમને સાકાર કરવા માટે રાજયના તમામ જિલ્લાઓ મહત્વનો ફાળો આપી શકે તે માટે ચોક્કસ દિશામાં આગળ ધપવાની રાજય સરકારની નેમ છે. આ દિશામાં પૂર્વ આયોજન સાથે આગળ વધવા માટે અને વિવિધ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (કુલ ૧૭ ગોલ્સ)માં અમરેલી જિલ્લો ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને નક્કી કરેલા નિશ્ચિત લક્ષ્યાંકો સમય મર્યાદામાં પ્રાપ્ત કરી શકે તે માટે બેઠકમાં જિલ્લા પ્રભારી સચિવ સંદીપકુમારે જિલ્લા સંકલનના સર્વે અધિકારીઓને માર્ગદર્શન પૂરૂં પાડીને જરૂરી દિશાનિર્દેશો પણ આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારમાં નીતિ આયોગ બિગ થિંક ટેંક તરીકેનો મહત્વનો રોલ અદા કરી રહી છે. નીતિ આયોગ દ્વારા મલ્ટી ડાયમેન્શનલ પોવર્ટી ઈન્ડેકસ (બહુપરિમાણીય ગરીબી સૂચકઆંક) જાહેર કરવામાં આવે છે. આ ઈન્ડેકસ અન્વયે આરોગ્ય, શિક્ષા સહિતના વિવિધ ઈન્ડીકેટર્સમાં નેશનલ એમ.પી.આઈ ઈન્ડીકેટર્સ મુજબ પ્રદર્શનનું માપન કરવામાં આવે છે. આ ઈન્ડેકસમાં પ્રદર્શન મુજબ વિવિધ રાજયોને ક્રમાંક અથવા અલગ અલગ કેટેગરીમાં સમાવિષ્ટ કરવામાં આવે છે. અમરેલી જિલ્લામાં પણ આ ઈન્ડેકસ અન્વયે વિવિધ ઈન્ડીકેટર્સમાં લક્ષ્યાંક મુજબ અને આયોજન સાથે પ્રગતિલક્ષી કામગીરી હાથ ધરવામાં આવે તે માટે પ્રભારી સચિવ સંદીપકુમારે ઉપસ્થિત સંકલનના સૌ અધિકારીઓને ભારપૂર્વક સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, જિલ્લા પોલીસ વડા સંજય ખરાત, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, જિલ્લાના સર્વે પ્રાંત અધિકારીઓ, વિવિધ વિભાગના અધિકારીઓ (સંકલનના સર્વે અધિકારીઓ) ઉપસ્થિત રહ્યા હતા.


**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



**આંબાનો બગીચો વેચવાનો છે.**
ધારીથી માત્ર ૫ કિલોમીટર દુર...
ધારી-અમરેલી રોડ ઉપર કુલ-૨૧ વીઘા
આંબા - ૧૩૦૦ (૮ વર્ષના) + ૭૦૦ (૪ વર્ષના) = ૨૦૦૦ (ટોટલ આંબા)
રાવણા - ચીકુ - લીંબુડી - નાળીયેરી
૨૦ HP/ ૧૫ HP નાં ૨(બે) કનેકશન
૭૫૦ ફુટના ૨ (બે) બોર
૧૫ વીઘામાં જીણીનેટ બાંધેલ
મજુરો માટે ૨ (બે) પતરાની રૂમો
સંપર્ક મો. ૯૬૩૮૪ ૫૨૩૩૩


## સ્થાનિક પોલીસની સર્વેલન્સ ટીમની કામગીરી

# બગસરા : ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી ફિરકી નંગ–૬ ઝડપાઈ

### દામનગરનાં ઈસમ વિરૂધ્ધ કાર્યવાહી

અમરેલી, તા. ૧૧

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતએ જીલ્લામાં ઉતરાયણ પર્વ નિમિતે ચાઈનિઝ માંઝા, પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાઈલોન થ્રેડ, ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ)ના ઉત્પાદન–સંગ્રહ–વેચાણ અંગે ઉપયોગ રોકવા અંગે હાઈકોર્ટ દ્વારા આપેલ હુકમોનુ પાલન કરવા અંગે જરૂરી કાર્યવાહી કરવા અંગે જણાવવામાં આવેલ હોય તેમજ જીલ્લા મેજી. અમરેલી દ્વારા જાહેરનામું બહાર પાડેલ હોય અને વેંચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.



ત્યારે મકરસંક્રાંતી તહેવારમાં પતંગો અને ચાઈનીઝ દોરા તથા ગુબારા પર્યાવરણ અને પક્ષિઓનું જાનનુ જોખમ હોય જે બગસરા પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાના માર્ગદર્શન હેઠળ બગસરા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા બગસરા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી બાતમી રાહે બગસરાના જેઠીયાવદર રોડ ઉપરથી પતંગ ઉડાવવાની ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી ફિરકી સાથે દામનગર ગામે રહેતાં સાહિલ નુરમહમદભાઈ સેરસીયા નામનાં ઈસમને ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી ફીરકી નંગ–૬ કિંમત રૂપિયા ૧૨૦૦ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## રાજકોટનાં ઘડિયાળનાં વેપારી હસુભાઈ પટેલ

# વૃધ્ધો, નિરાધાર લોકો અને વિધવાઓને વહીવટી–કાનૂની માર્ગદર્શન પુરૂં પાડે છે

### સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ સહિતના અનેક વૃધ્ધાશ્રમોમાં સેવા આપે છે

અમરેલી, તા. ૧૧

રાજકોટના ઘડિયાળના વેપારી તરીકે જાણીતા હસુભાઈ પટેલ છેલ્લાં ૫૦ વર્ષથી સ્વાધ્યાય પરિવાર સાથે જોડાઈને ગીતાનો સંદેશ સમાજમાં પ્રસરાવે છે. સાથો સાથ નિરાધાર, અશકત, દિવ્યાંગ અને વૃદ્ધાશ્રમમાં રહેતા વૃદ્ધોને કાનૂની અને વહીવટી મદદ કરે છે.

હસુભાઈ પટેલછેલ્લાં ૫૦ વર્ષથી સ્વાધ્યાય પરિવાર સાથે જોડાઈ પૂજય પાંડુરંગ દાદાના ગીતાના વિચારોને સમાજમાં પ્રસરાવે છે. તેમણે ૩૦૦ જેટલાં ગામોમાં જઈ દરેક સમાજના લોકો સુધી ગીતાના



સાર પહોંચતો કર્યો છે. અનેક ગામના અભણ–પછાત લોકોને ગીતાના માર્ગે જીવન જીવવા વાળ્યા છે. તેઓ પાંડુરંગ દાદાના કૃપા પાત્ર રહ્યા છે.

છેલ્લા કેટલાક વરસોથી હસુભાઈ પટેલે રાજકોટ શહેર અને જિલ્લાના સદભાવના વૃદ્ધાશ્રમ સહિતના ૧૫ વૃદ્ધાશ્રમોમાં રહેતા વૃદ્ધોની મુલાકાત લઈ તેમના આધાર કાર્ડ સહિતના દસ્તાવેજો તૈયાર કરાવી દીધા છે. વળી આવા વૃદ્ધો અને વિધવાઓને મળતી સહાય, પેન્શન કે વિવિધ યોજનાના કાર્ડ તૈયાર કરાવી દીધા છે.

તેઓ પેરા લીગલ વોલન્ટિયર તરીકે રાજકોટમાં અસંખ્ય લોકોને કાનૂની માર્ગદર્શન આપી રહ્યા છે. એટલે કે વૃદ્ધો અને નિરાધાર લોકો માટે હસુભાઈ પટેલ દેવદૂત જેવું કામ કરી રહ્યા છે.

**– હસુભાઈ પટેલ**
**(મો. ૯૧૦૬૧ ૭૫૭૩૫)**


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241



**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪






શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઇ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે

સરકારી નોકરીયાત / પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363



લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
50 MBPS — ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 6500
WITH OTT 50 MBPS — ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01









શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
- જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
- રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
- ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
- નાસુર Pilo nidal sinus ની સારવાર
- ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
- પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
- મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર

7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com




### દિલ્હી હાઈકોર્ટની ફિટકાર બાદ નિર્ણય

# સંકટ વચ્ચે ઈન્ડિગોની મુસાફરો માટે વળતરની જાહેરાત કરાઈ

## કંપનીએ કહ્યું કે પ્રભાવિત મુસાફરોને સરકારના નિયમો મુજબ ૫૦૦૦ રૂપિયાથી લઈને ૧૦,૦૦૦ રૂપિયા સુધીનું વળતર ચૂકવવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૧

ઈન્ડિગોની ફ્લાઈટ્સ કેન્સલ થવાના કારણે મુસાફરોએ ભારે સમસ્યા ભોગવવી પડી રહી છે.ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં સૌથી વધુ મુસાફરોને મુશ્કેલી થઈ. કારણ કે આ દરમિયાન ઢગલો ઈન્ડિગો ફ્લાઈટ્સ રદ થઈ. જેના કારણે મુસાફરોએ આર્થિક રીતે ભારે નુકસાન સહન કરવાનો વારો આવ્યો. ત્યારબાદ હવે એરલાઈન વિરુદ્ધ DGCA એ કડક પગલું ભર્યું છે. હવે ઈન્ડિગોએ ૩, ૪, અને ૫ ડિસેમ્બરના રોજ મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થવાના કારણે મુસાફરોને જે હાલાકી પડી તેનું વળતર ચૂકવવાની જાહેરાત કરી છે. કંપનીએ કહ્યું કે પ્રભાવિત મુસાફરોને સરકારના નિયમો મુજબ ૫૦૦૦ રૂપિયાથી ૧૦,૦૦૦ રૂપિયા સુધીનું વળતર ચૂકવવામાં આવશે. આ સાથે જ એરલાઈને સૌથી વધુ પ્રભાવિત મુસાફરો માટે ૧૦,૦૦૦ રૂપિયા સુધીના વધારાના ટ્રાવેલ વાઉચર બહાર પાડવાની પણ જાહેરાત કરી છે. આ નિર્ણય એવા મુસાફરો માટે મહત્વપૂર્ણ રાહત ગણાઈ રહ્યો છે જેમના ટ્રાવેલ પ્લાન અચાનક બદલાઈ ગયા અને જેમણે ભારે અસુવિધાઓનો સામનો કરવો પડ્યો. આ ટ્રાવેલ વાઉચરની ખાસ વાત એ છે કે તેને આગામી ૧૨ મહિના સુધી ગમે ત્યારે ઉપયોગમાં લઈ શકાય છે. મુસાફર ભારતમાં ઈન્ડિગોની કોઈ પણ ડોમેસ્ટિક કે પછી ઈન્ટરનેશનલ રૂટ માટે આ વાઉચરનો ઉપયોગ કરી શકે છે. - આ વાઉચર આગામી ૧૨ મહિનામાં ગમે ત્યારે વાપરી શકાશે.

-આ વાઉચર ઈન્ડિગોની કોઈ પણ ફ્લાઈટમાં બુકિંગમાં યૂઝ થઈ શકશે. - વાઉચર ઉપરાંત પૂરેપૂરું રિફંડ પણ અલગથી મળશે. ઈન્ડિગોએ જણાવ્યું કે ૧૦ હજાર રૂપિયાનું ટ્રાવેલ વાઉચર એવા મુસાફરોને આપવામાં આવશે જેમણે એકથી વધુ વખત યાત્રાઓ બદલવી પડી એટલે કે જેમની ફ્લાઈટ્સ વારંવાર રિશેડ્યૂલ થઈ, કે પછી જેમણે એરપોર્ટ પર લાંબો સમય રાહ જોવી પડી. મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ પોતાના રજિસ્ટર્ડ ઈમેઈલ અને મોબાઈલ નંબર પર મોકલવામાં આવતા મેસેજ ચેક કરે. જેથી કરીને તેમને વળતર અને વાઉચર ક્લેમ કરવાની પ્રક્રિયામાં સરળતા રહે. ઈન્ડિગોએ જણાવ્યું કે મોટાભાગના મુસાફરોના રિફંડ પ્રોસેસ થઈ ચૂક્યા છે. બાકીના પણ ૭-૧૦ દિવસમાં ખાતામાં આવશે. જો તમે MakeMyTrip, Yatra, EaseMyTrip કે કોઈ અન્ય પ્લેટફોર્મથી ટિકિટ બુક કરી હોય તો તેનું પણ રિફંડ શરૂ થઈ ગયું છે.

સરકાર (DGCA)ના નિયમ મુજબ જો ફ્લાઈટ નિર્ધારિત સમયથી ૨૪ કલાકની અંદર કેન્સલ થાય તો એરલાઈને ૫૦૦૦થી ૧૦૦૦૦ રૂપિયા સુધીનું વળતર આપવું પડે છે. ઈન્ડિગોએ કહ્યું કે આ નિયમનું તે સંપૂર્ણ રીતે પાલન કરી રહી છે અને જરૂરી કેસમાં આ વળતર પણ અલગથી અપાશે. કંપનીના જણાવ્યાં મુજબ વળતરની રકમ હ્વ્ઝ્રછ દ્વારા નિર્ધારિત દિશા નિર્દેશો હેઠળ અપાશે. જે મુસાફરોની ફ્લાઈટ્સ એરલાઈનના કારણે રદ થઈ છે તેઓ નિયમો મુજબ આ વળતરના હકદાર છે. ઈન્ડિગોએ સ્પષ્ટ કર્યું કે વળતર રકમ ફ્લાઈટના અંતર, ટિકિટ કેટેગરી, અને મુસાફરોનો થયેલી અસુવિધાઓના આધારે અપાશે. તેનો હેતુ મુસાફરોને થયેલા આર્થિક નુકસાન અને બિનજરૂરી પરેશાનીઓ ઘટાડવાનો છે.

ઈન્ડિગોએ નિવેદન બહાર પાડીને કહ્યું કે ફ્લાઈટ્સ રદ થવાના કારણે જે મુસાફરોએ પરેશાની ભોગવવી પડી તેમના માટે કંપની દિલગીર છે અને એ સુનિશ્ચિત કરી રહી છે કે ભવિષ્યમાં આવી સ્થિતિ ફરીથી ઊભી ન થાય. જો તમારું રિફંડ હજુ સુધી ન આવ્યું હોય અને તમને એવું લાગતું હોય કે તમને વાઉચર મળવું જોઈએ તો સીધા ઈમેઈલ કરો.

### દિલ્હીના પ્રદૂષણથી કંટાળેલા નેતાજીની માંગ

# ગાંધીનગર, ગોવા અથવા દેહરાદૂનમાં કરો સંસદ સત્ર

## દિલ્હીના પ્રદૂષણથી માત્ર ત્યાં રહેવાસીઓ જ નહીં, નેતાઓ પણ પરેશાન : હવામાન ખરાબ થઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૧

દિલ્હીના પ્રદૂષણથી માત્ર ત્યાં રહેવાસીઓ જ નહીં, નેતાઓ પણ પરેશાન થઈ ગયા છે. રાજધાનીમાં હવામાન સતત ખરાબ થઈ રહ્યું છે, જેના કારણે દિલ્હીવાસીઓ સ્વચ્છ હવા માટે તરસી રહ્યા છે. દિલ્હી દેશની રાજધાની હોવાથી સંસદ ત્યાં છે અને સંસદની કામગીરી પણ ત્યાં જ થાય છે. જોકે રાજધાનીમાં પ્રદૂષણના કારણે એક સાંસદે સંસદનું શિયાળુ સત્ર અને બજેટ સત્ર દિલ્હીના બદલે અન્ય સ્થળે યોજવાની માંગ કરી છે. બીજૂ જનતા દળ (BJD)ના રાજ્યસભા સભ્ય માનસ રંજન મંગરાજે રાજધાનીમાં દર વર્ષે વધી રહેલા પ્રદૂષણને ‘માનવસર્જિત આપત્તિ’ ગણાવી છે. તેમણે જ્યાં સુધી દિલ્હીમાં હવામાન ન સુધરે ત્યાં સુધી શિયાળુ સત્ર અને બજેટ સત્ર દિલ્હીની બહાર કોઈ અન્ય સ્થળે યોજવાની અપીલ કરી છે. ઓડિશાના રહેવાસી સાંસદ મંગરાજે સંસદમાં શૂન્યકાળ દરમિયાન ‘દિલ્હી પ્રદૂષણ’નો મુદ્દો ઉઠાવી દિલ્હી અને ઓડિશાની તુલના કરી છે. તેમણે કહ્યું કે, ‘કુદરતી આફતો સામે લડવા માટે ઓડિશા કુશળ કામગીરી કરતું રહ્યું છે, તેથી દિલ્હીના વાયુ પ્રદૂષણને કંટ્રોલ કરવા માટે ઓડિશાની જેમ કામ કરવાની જરૂર છે. ઓડિશા ચક્રવાત-પૂર-કુદરતી આપત્તિઓ સામે સતત લડતું રહ્યું છે, હું જાણું છું કે સંકટ કેવું દેખાય છે. પરંતુ જે વસ્તુ મને પરેશાન કરે છે તે છે... રાજધાની દિલ્હી...’ સાંસદ મંગરાજે ઝેરી હવાના સંપર્કમાં આવતા સંસદના સભ્યોસ સંસદીય અધિકારીઓ, ડ્રાઈવરો, સફાઈ કર્મચારીઓ અને ગૃહને ચાલુ રાખનારા સુરક્ષા કર્મચારીઓની ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, ‘આપણે આ લોકોની સમસ્યાઓને નજરઅંદાજ ન કરાય, આપણે બધુ જ સામાન્ય ચાલી રહ્યું હોવાનો દેખાડો ન કરાય. જે મહિનામાં દિલ્હીમાં હવાનું પ્રદૂષણ સૌથી વધુ હોય ત્યારે સંસદ સત્રો યોજવાથી જીવન જોખમમાં આવી જાય છે. જો આપણે આ જોખમ ટાળવું હોય તો દિલ્હીના બદલે સ્વચ્છ હવા અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતા ગાંધીનગર, ભુવનેશ્વર, હૈદરાબાદ, બેંગલુરુ અને દેહરાદૂન જેવા શહેરોનો વૈકલ્પિક ઉપયોગ કરવો જોઈએ.’

### ચૂંટણી પંચનો નિર્ણય

# ગુજરાત સહિત ૬ રાજ્યોમાં લંબાવાઈ SIRની સમયમર્યાદા

## આ નિર્ણયથી લોકોને પોતાનું નામ, સરનામું કે અન્ય વિગતો મતદાર યાદીમાં સુધારવા માટે વધારાનો સમય મળી જશે

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે ગુરુવારે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી પંચે હાલ ચાલી રહેલી SIRની કામગીરીની સમયમર્યાદા ફરી એકવાર લંબાવી લીધી છે. આ નિર્ણયથી લોકોને પોતાનું નામ, સરનામું કે અન્ય વિગતો મતદાર યાદીમાં સુધારવા માટે વધારાનો સમય મળી જશે, જેથી આવનારી ચૂંટણીઓમાં કોઈપણ પ્રકારની અડચણ ન થાય. આ સમયમર્યાદા ગુજરાત, તમિલનાડુ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, છતીસગઢ અને અંદામાન-નિકોબારમાં લંબાવવામાં આવી છે. ચૂંટણી પંચ (EC) એ છ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ની સમયમર્યાદા લંબાવી છે. મતદાર યાદીના શુદ્ધિકરણ માટે આ પગલું લેવામાં આવ્યું છે. ઉત્તર પ્રદેશમાં ફોર્મ સબમિટ કરવાની અંતિમ તારીખ ૧૫ દિવસ લંબાવવામાં આવી છે. તમિલનાડુ અને ગુજરાતમાં આ સમયગાળો ત્રણ દિવસ લંબાવવામાં આવ્યો છે. મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને આંદામાન-નિકોબાર ટાપુઓને વધારાના ૭ દિવસ આપવામાં આવ્યા છે. આ વિસ્તરણની સાથે, ડ્રાફ્ટ મતદાર યાદી બહાર પાડવાની અંતિમ તારીખ પણ લંબાવવામાં આવી છે. કમિશને આ નિર્ણય એ સુનિશ્ચિત કરવા માટે લીધો છે કે તમામ પાત્ર નાગરિકોના નામ યાદીમાં સામેલ થાય.

### શાહ VS રાહુલ ડિબેટ વચ્ચે કોંગ્રેસમાં જ સવાલ ઉઠ્યા

# દિગ્ગજ મુસ્લિમ નેતાએ કહ્યું- કોંગ્રેસનું નેતૃત્વ ખોટા હાથમાં

## ઓડિશાના નેતા મોહમ્મદ મોકિમે પાર્ટીને ફરીથી મજબૂતી સાથે ઊભી કરવા માટે વૈચારિક ફેરફારની માંગણી કરી

નવી દિલ્હી, તા.૧૧

એકબાજુ જ્યાં સંસદમાં અમિત શાહ ફજી રાહુલ ગાંધીની જોરદાર ડિબેટ અને નોકઝોંકની ચર્ચા છે અને તેના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ છે ત્યારે કોંગ્રેસ પાર્ટીની અંદર જ નેતૃત્વ અંગે સવાલ ઉઠ્યા છે. એક વરિષ્ઠ મુસ્લિમ નેતાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે કોંગ્રેસનું નેતૃત્વ ખોટા હાથમાં છે. ઓડિશાના વરિષ્ઠ નેતા મોહમ્મદ મોકિમે પાર્ટીને ફરીથી મજબૂતી સાથે ઊભી કરવા માટે માળખાગત, સંગઠનાત્મક અને વૈચારિક ફેરફારની માંગણી કરી છે. સોનિયા ગાંધીને લખેલા પત્રમાં કટક બારામતીના પૂર્વ વિધાયકે કહ્યું કે આપણી લીડરશીપ યોગ્ય નથી. આ કારણે ટોપ લીડરશીપ કાર્યકરોથી દૂર થઈ ચૂકી છે અને યુવાઓ સાથે જોડાઈ શકતી નથી જેનાથી કોંગ્રેસને ભારે નુકસાન થયું છે.

મોકિમે કહ્યું કે ૮૩ વર્ષના મલ્લિકાર્જૂન ખડગેના નેતૃત્વમાં પાર્ટી યુવાઓ સાથે કનેક્ટ થઈ શકતી નથી. આવામાં કોંગ્રેસ લીડરશીપ અને ભારતના યુવાઓ વચ્ચે ડિસકનેક્ટ વધી રહ્યું છે. કોઈ તાલમેળ નથી.

મુસ્લિમ નેતાએ વધુમાં કહ્યું કે તેઓ ત્રણ વર્ષ સુધી રાહુલ ગાંધીને મળવાની કોશિશ કરતા રહ્યા પરંતુ મળી શક્યા નહીં. મોકિમે કહ્યું કે જ્યારે ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીના સમયમાં નેતાઓને પ્રોત્સાહિત કરાતા હતા. તેમની વાત સાંભળવામાં આવતી હતી અને તેમને મહત્વ અપાતું હતું. તેમણે વધુમાં કહ્યું કે અનેક રાજ્યોમાં પાર્ટીની ચૂંટણી હાર પાછળ ગાઢ સંગઠનાત્મક જોડાણની કમી ખલી રહી છે. તેમણે કહ્યું કે ખોટા ફેંસલાઓની આખી શ્રેણી છે. લીડરશીપની ચોઈસ પણ ઠીક નથી અને ખોટા હાથોમાં સતત કમાન રહેવાથી પાર્ટીને અંદરથી નબળી કરાઈ રહી છે. આ ભૂલોને સુધારવાની જગ્યાએ આપણે તેને દોહરાવતા જોઈ રહ્યા છીએ અને તેના પરિણામ આખા દેશમાં જોવા મળી રહ્યા છે.મુસ્લિમ નેતાએ ખુલીને લખ્યું કે દેશભરમાં પાર્ટીના વરિષ્ઠ નેતા ભાઈ-ભત્રીજાવાદ, આંતરિક લોબિંગ અને ઓળખની કમીના કારણે નિરાશા મહેસૂસ કરી રહ્યાં છે. મોકિમે કહ્યું કે આ કારણે અનેક લોકોએ પાર્ટી છોડી છે. કેટલાક એવા પણ છે જે વિચાર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, આ ફક્ત વ્યક્તિઓનું નુક્સાન નથી પરંતુ તે સંસ્થાગત બુદ્ધિમાની અને અનુભવનું નુકસાન છે.

### ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સાથે કરી નાખ્યો ખેલ

# અમેરિકાએ પાકિસ્તાન માટે જાહેર કર્યું સંરક્ષણ પેકેજ

## F-16 ફાઈટર જેટ કાફલા માટે પાકિસ્તાનને આશરે ૬૮૬ મિલિયન ડોલરના સંરક્ષણ સાધનો અને સેવાઓના વેચાણને મંજૂરી આપી

વોશિંગ્ટન, તા.૧૧

ડિસેમ્બરમાં જ્યારે વ્લાદિમીર પુતિન ભારતની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેમણે અનેક કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. જોકે, જે કરાર ચર્ચામાં આવ્યો તે સંરક્ષણ કરાર હતો, ખાસ કરીને Su-57 સ્ટીલ્થ ફાઈટર જેટ, જે તેની ક્ષમતાઓને કારણે "અદ્રશ્ય યોદ્ધા" તરીકે ઓળખાય છે. આ ફાઈટર જેટ ભારતીય સેના માટે એક મોટી સિદ્ધિ માનવામાં આવે છે. જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે હવે પાકિસ્તાનને ભારતને સીધો પડકાર આપતો સંરક્ષણ સોદો ભેટ આપીને ભારતીય સેના માટે મુશ્કેલીઓ વધારી દીધી છે.અમેરિકાએ તેના F-16 ફાઈટર જેટ કાફલા માટે પાકિસ્તાનને આશરે ૬૮૬ મિલિયન ડોલરના સંરક્ષણ સાધનો અને સેવાઓના વેચાણને મંજૂરી આપી છે. પાકિસ્તાન આ સોદાની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે, અને આ નિર્ણય પાકિસ્તાનની સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત કરવા અને યુએસ સુરક્ષા હિતોને આગળ વધારવા માટે લેવામાં આવ્યો છે. આ સોદામાં એવા સાધનોનો પણ સમાવેશ થાય છે, જે ભારત પાસે હજુ સુધી નથી, જેના કારણે તેનો સામનો કરવો મુશ્કેલ બને છે.આ સોદો, જેણે ભારતનો તણાવ વધાર્યો છે, તેમાં ૩૭ મિલિયન ડોલરના સંરક્ષણ સાધનો અને ૬૪૯ મિલિયન ડોલરના અન્ય સિસ્ટમોનો સમાવેશ થાય છે. આમાં ઓળખ પ્રણાલીઓ, સુરક્ષિત સંદેશાવ્યવહાર સાધનો, નેવિગેશન સિસ્ટમ્સ, સોફ્ટવેર અપગ્રેડ્સ, મિશન પ્લાનિંગ ટૂલ્સ, મિસાઈલ એડેપ્ટર યુનિટ્સ અને ઘણા ઈલેક્ટ્રોનિક સુરક્ષા મોડ્યુલોનો સમાવેશ થાય છે. પાકિસ્તાનને ૯૨ લિંક-૧૬ સિસ્ટમ્સ અને ૬ સ-૮૨ ઈનર્ટ ૫૦૦-પાઉન્ડ બોમ્બ પણ મળશે. આ સંરક્ષણ સોદો F-16 ક્રિપ્ટોગ્રાફિક મેન્ડેટ કમ્પ્લાયન્સ અને સર્વિસ લાઈફ એક્સટેન્શન પ્રોગ્રામ હેઠળ હાથ ધરવામાં આવી રહ્યો છે. સરળ શબ્દોમાં કહીએ તો, જો અમેરિકા કોંગ્રેસ સેનેટ તેને ૩૦ દિવસની અંદર નકારે નહીં, તો તે આપમેળે પસાર થઈ જશે.અમેરિકાનું કહેવું છે કે, આ સંરક્ષણ પેકેજ પાકિસ્તાનને પૂરા પાડવામાં આવેલા F-16 બ્લોક-૫૨ અને MLU (મિડ લાઈફ અપગ્રેડ) ફાઈટર જેટનું આયુષ્ય ૧૫ વર્ષ વધારશે. તેઓ નોંધપાત્ર રીતે આધુનિક બનશે, અને પાકિસ્તાન વાયુસેના અને યુએસ વાયુસેના વચ્ચે તાલીમ, દાવપેચ અને કામગીરીમાં વધુ સારું સંકલન થશે. જોકે રશિયા સાથેના ભારતના સોદામાં સુખોઈ-૫૭નો સમાવેશ થાય છે, જે કોઈપણ રીતે F-16 કરતાથી ઓછો નથી. તે ઘણી બાબતોમાં રશિયન પંર જનરેશનના વિમાનને પાછળ છોડી દે છે, પરંતુ તેને ક્યારેય યુદ્ધમાં તૈનાત કરવામાં આવ્યો નથી. આ રશિયન વિમાન દુબઈ એર શોમાં તેની પરાક્રમ દર્શાવી ચૂક્યું છે. ભારતની ચિંતાઓમાં લિંક-૧૬ સિસ્ટમ વધુ ઉમેરશે, જે તેને નાટો દેશો સાથે સમાન રીતે માહિતી અને કમાન્ડ શેર કરવા સક્ષમ બનાવશે. ભારત હાલમાં આ સંદર્ભમાં ઈઝરાયલી અને રશિયન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. વધુમાં, ૨૦૧૯ ના બાલાકોટ હવાઈ હુમલા પછી અમેરિકાએ પાકિસ્તાનને સંરક્ષણ સાધનો પૂરા પાડવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ હવે તે તેને મંજૂરી આપી રહ્યું છે અને તેને સંરક્ષણ પેકેજ પૂરું પાડી રહ્યું છે.

### રાહુલ ગાંધીએ ગૃહમંત્રીને કરી ચેલેન્જ

# સંસદમાં અમિત શાહની ખરાબ ભાષા, હાથ ધ્રુજી રહ્યા હતા

## ગૃહમંત્રી અમિત શાહના સંસદમાં ભાષણ પર પ્રતિક્રિયા આપતા રાહુલ ગાંધીએ કહ્યું કે, તેમની પાસે પુરાવા નહોતા

નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ સંસદમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ભાષણ પર તીવ્ર પ્રતિક્રિયા આપી છે. સંસદ સંકુલમાં મીડિયા સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે, અમિત શાહે ન તો સીધા તેમના પ્રશ્નોના જવાબ આપ્યા કે, ન તો કોઈ પુરાવા આપ્યા. આ સાથે તેમણે દાવો કર્યો કે, શાહ ગભરાઈ ગયા હતા અને સંસદમાં તેમનું વર્તન સ્પષ્ટપણે દર્શાવે છે કે, તેઓ માનસિક દબાણમાં હતા.રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે, સંસદમાં અમિત શાહનું વર્તન અસામાન્ય હતું. તેમણે અભદ્ર ભાષાનો ઉપયોગ કર્યો અને તેમના હાથ ધ્રુજી રહ્યા હતા. આ વાત સમગ્ર સંસદે જોઈ છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, તેમણે ગૃહમાં અમિત શાહને ખુલ્લેઆમ પડકાર ફેંક્યો હતો કે, તેઓ પ્રેસ કોન્ફરન્સમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ પર ચર્ચા કરવા આવે, પરંતુ, શાહે આ પડકારનો જવાબ આપ્યો ન હતો.મંગળવારે (૯ ડિસેમ્બર, ૨૦૨૫) લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના "પ્રોજેક્ટ" ના ભાગ રૂપે વિવિધ સંસ્થાઓ અને ચૂંટણી પંચ પર કબજો કરવામાં આવ્યો હતો. ચૂંટણી સુધારા પર લોકસભાની ચર્ચામાં ભાગ લેતા, તેમણે પ્રશ્ન કર્યો કે, મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂક માટે પસંદગી સમિતિમાં મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કેમ કરવામાં આવ્યો નથી. તેમણે આરોપ લગાવ્યો કે, આ સરકારે ડિસેમ્બર ૨૦૨૩ માં કાયદો બદલ્યો, જેથી ચૂંટણી કમિશનરને તેના નિર્ણયો માટે સજા ન થઈ શકે.રાહુલ ગાંધીએ દાવો કર્યો કે, ઈતિહાસમાં કોઈ પણ વડા પ્રધાને આવું કર્યું નથી. તેમણે કહ્યું કે, જો મતનો જ અર્થ રહેતો નથી, તો લોકસભા, વિધાનસભા કે પંચાયતનું અસ્તિત્વ બંધ થઈ જશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર નિશાન સાધતા, કોંગ્રેસના નેતાએ કહ્યું કે, મહાત્મા ગાંધીની હત્યા પછી, તેમના પ્રોજેક્ટનો આગળનો ભાગ ભારતના સંસ્થાકીય માળખા પર કબજો કરવાનો હતો.

### અરુણાચલ પ્રદેશમાં મોટી દુર્ઘટના

# મજૂરોને લઈ જતો ટ્રક ખીણમાં ખાબકતા ૨૨ લોકોના મોત

## મજૂરોને લઈ જતો ટ્રક પહાડી રસ્તા પરથી લપસીને હજારો ફૂટ ઊંડી ખીણમાં પડ્યો : એક જ વ્યક્તિને બચાવી શકાયો

ઈટાનગર, તા.૧૧

અરુણાચલ પ્રદેશના અંજાવ જિલ્લામાં એક ભયાનક અકસ્માત થયો. મજૂરોને લઈ જતી એક ટ્રક ખતરનાક પહાડી રસ્તા પરથી લપસી ગઈ અને હજારો ફૂટ ઊંડા કોતરમાં પડી ગઈ. આ અકસ્માતમાં આશરે ૨૨ મજૂરોના મોત થયા, જ્યારે અત્યાર સુધી ફક્ત એક જ વ્યક્તિને જીવતો બચાવી શકાયો છે.આ અકસ્માત બુધવારે હેલાંગ-ચાગલાઘામ રોડ પર મેટેંગલિયાંગ નજીક થયો હતો. બધા મજૂરો આસામના તિનસુકિયા જિલ્લાના ગેલાપુખુરી ચાના બગીચાના રહેવાસી હતા. તેઓ કોન્ટ્રાક્ટ પર કામ કરવા માટે અરુણાચલ પ્રદેશમાં એક પ્રોજેક્ટ સાઈટ પર જઈ રહ્યા હતા. જોકે, આ અકસ્માત ખતરનાક રસ્તા પર થયો હતો, જેમાં તીક્ષ્ણ વળાંક, ઢાળવાળા ચઢાણ, ઉતરાણ અને ઊંડા કોતરોનો સમાવેશ થતો હતો.મૃતકોમાં બુધેશ્વર દીપ, રાહુલ કુમાર, સમીર દીપ, જોન કુમાર, પંકજ મંકી, અજય મંકી, બિજય કુમાર, અભય ભૂમિજ, રોહિત મંકી, બિરેન્દ્ર કુમાર, અગોર તંતી, ધીરેન ચેટિયા, રજની નાગ, દીપ ગોવાલા, રામચબક સોનાર, સોનાતન નાગ, સંજય કુમાર, કરણ કુમાર અને જોનાશ મુંડાનો સમાવેશ થાય છે. અન્ય ત્રણ કામદારોની હજુ સુધી ઓળખ થઈ નથી. મૃતકોના પરિવારોને જાણ કરવામાં આવી છે.બચાવ ટીમોએ અકસ્માત સ્થળેથી ૧૩ મૃતદેહો બહાર કાઢ્યા છે. બાકીના લોકોની શોધ ચાલુ છે. ઢોળાવ, અત્યંત મુશ્કેલ ભૂપ્રદેશ અને નબળા રસ્તાઓ બચાવ પ્રયાસોમાં અવરોધ ઉભો કરી રહ્યા છે. પોલીસ, જિલ્લા વહીવટીતંત્ર, જીઙ્ઘઇહ્લ અને સેનાની ટીમો સંયુક્ત રીતે કામગીરી ચલાવી રહી છે. બધા મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. મૃતકોના પરિવારોને જાણ કરવામાં આવી છે. આસામ અને અરુણાચલ પ્રદેશના વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા છે.આ પ્રદેશ તેની મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિઓ માટે જાણીતો છે. ભારત-ચીન સરહદ પર રોડ પ્રોજેક્ટ પર કામ કરતા કામદારોને દરરોજ અત્યંત જોખમી ભૂપ્રદેશ પર મુસાફરી કરવી પડે છે. ખરાબ હવામાન, ભૂસ્ખલન અને સાંકડા રસ્તાઓ ઘણીવાર અકસ્માતો તરફ દોરી જાય છે. તાજેતરના અકસ્માતનું કારણ અજ્ઞાત છે. અંજાવના ડેપ્યુટી કમિશનર મિલો કોજિને જણાવ્યું હતું કે તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં કારણ નક્કી કરવામાં આવશે.

# શંકી યુવકે ઘરમાં ઘુસીને યુવતીને આપી જાનથી મારી નાખવાની ધમકી

સુરત,તા.૧૧

સુરત ગુનાનું હબ બની રહ્યું હોય તેમ જણાઈ રહ્યું છે. આવામાં મહિલા અત્યાચારના ગુના પણ વધી રહ્યા છે. આજે સુરતમાં આવી જ એક ઘટના બને તે પહેલા યુવતીને બચાવી લેવામાં આવી છે.

સુરત શહેરમાં આવેલા ખટોદરા વિસ્તારમાં એક શંકી યુવકની હરકતના કારણે ચકચાર મચી જવા પામી છે. આ યુવક એક યુવતીના પ્રેમમાં પાગલ હતો. તે યુવતીને મારી નહીં કો કોઈની નહીં કહીને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપતો હોવાનું સામે આવ્યું છે.ઘટનાની મળતી વિગતો અનુસાર, સુરતના ખટોદરા વિસ્તારમાં રહેતી એક યુવતીને એક શંકી યુવક દ્વારા પજવણી કરવામાં આવી રહી હતી. આ યુવકનું નામ રોહિત રાઠોડ છે. જે યુવતીને એક તરફી પ્રેમ કરતો હોવાના સમાચાર છે. રોહિતે યુવતીને મારી નહીં તો કોઈની નહીં એમ કહીને બળાત્કાર, એસિડ ફેંકવા તેમજ જાનથી મારી નાંખવા સુધીની ધમકી આપી હતી. જે કારણે યુવતી ડધાઈ ગઈ હતી.રોહિત રાઠોડ પોતાની વાતને સાચી કરવા માટે યુવતીની પાછળ ઘાતક હથિયાર લઈને ગયો હતો. જોકે, પરિજનોએ પોલીસ ફરિયાદ નોંધાવતા કોઈ અનિચ્છનીય બનાવ બને તે પહેલા જ ખટોદરા પોલીસ દ્વારા રોહિત રાઠોડની ધરપકડ કરી લેવામાં આવી હતી. યુવતીના ઘરે જઈને આ યુવકે જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ સાથે યુવતીના પરિવારને પણ ઘર બહાર નીકળવા પર મારી નાંખવાની ધમકી આપી હતી. આ શંકી યુવકને કારણે યુવતી ઘર બહાર નીકળતા પહેલા ડરતી હતી. પોલીસે હાલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠાના લાખિયા ગામમાં ગાંજાનું વાવેતર ઝડપાયું

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા એસઓજીની ટીમ પોશીના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહી હતી ત્યારે બાતમી મળી હતી કે, લાખીયા ગામે નાની સોનગઢ ફળીમાં રહેતો એક વ્યકિત કબ્જા ભોગવટાની જગ્યામાં ગાંજાનું વાવેતર કરે છે. આ બાતમીના આધારે પોલીસે ડ્રોનની મદદથી તપાસ કરી ગાંજાના વાવેતર કરેલા કુલ છોડ નંગ ૫૫૮, વજન ૨૨૬.૨૩૭ કિલો ગ્રામ કિં.રૂ.૧,૧૩,૧૧,૮૫૦ના મુદ્દામાલ સાથે એક વ્યકિતને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.એસઓજીના સુત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સાબરકાંઠા જિલ્લામાં નાર્કોટિક ડ્ર્ગ્સની બદીને નાબૂદ કરવા તથા એટીએસ ચાર્ટરને લગતા કેસોની કામગીરી અંગે સૂચના બાદ સાબરકાંઠા એસઓજી પીઆઈ ડી.સી.પરમાર તથા ટીમ દ્વારા પોશીના પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું, તે દરમિયાન એએસઆઈ જયદીપકુમાર, અપકો પંકજકુમાર તથા નિલેશકુમારને સંયુકત બાતમી મળી હતી કે, લાખીયા ગામે નાની સોનગઢ ફળીમાં હામથાભાઈ ધર્માભાઈ ડાભી નામનો માણસ રહે છે અને તેણે રહેઠાણ મકાનની આગળ ગાંજાનું વાવેતર કર્યુ છે. જેના આધારે સ્થળ પર જવુ હિતાવહ ન હોવાથી એસઓજીની ટીમે ડ્રોન મંગાવી બાતમીવાળી જગ્યાની ખરાઈ કરાવી હતી. બાદમાં તપાસ કરતા ખેતરમાંથી વાવેતર કરેલું મળી આવ્યું હતું. આથી પોલીસે પંચોને સાથે રૂબરૂમાં રાખી ગાંજાના છોડ કુલ નંગ ૫૫૮, વજન ૨૨૬.૨૩૭ કિલો ગ્રામ કિં.રૂ. ૧,૧૩,૧૧,૮૫૦ના જથ્થા સાથે હામથાભાઈ ધર્માભાઈ ડાભી (રહે. નાની સોનગઢ ફળીયુ, લાખીયા, તા.પોશીના)ની અટકાયત કરી પોશીના પોલીસ મથકમાં ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### PM મોદીએ સ્વીકાર્યું ઈટાલીનું આમંત્રણ

# જ્યોર્જિયા મેલોની વતી પીએમ મોદીને ઈટાલી આવવા આમંત્રણ

ઈટાલી, તા.૧૧

ઈટાલીના નાયબ વડાપ્રધાન અને વિદેશ મંત્રી એન્ટોનિયો તજાની હાલમાં ભારતના ત્રણ દિવસના પ્રવાસે છે. બુધવારે સાંજે તેમણે પીએમ મોદી સાથે મુલાકાત કરી હતી, આ મુલાકાતને તેમણે ખૂબ જ સકારાત્મક અને લાભદાયી ગણાવી હતી.આ બેઠક દરમિયાન, તજાનીએ પીએમ મોદીને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોની વતી ૨૦૨૬માં ઈટાલીની મુલાકાત લેવા માટે આમંત્રણ આપ્યું હતું. તજાનીના જણાવ્યા અનુસાર, વડાપ્રધાન મોદીએ ઈટાલીના પ્રવાસ માટે સહમતી આપી છે, જોકે તેની તારીખ હજી નક્કી થઈ નથી.વિદેશ મંત્રી તજાનીએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત-ઈટાલીના સંબંધો હવે નવા તબક્કામાં પ્રવેશી રહ્યા છે અને આવનારા વર્ષોમાં બંને દેશો વચ્ચેનો સહયોગ વધુ મજબૂત બનશે. ભારત અને ઈટાલી એકબીજાના ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે અને આગામી સમય બંને દેશો માટે ઉત્તમ તકો લઈને આવશે.જ્યારે પત્રકારોએ તેમને ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની ભારત મુલાકાતની તારીખ વિશે પૂછ્યું, ત્યારે વિદેશ મંત્રી તજાનીએ જવાબ આપ્યો કે તેમણે હજી સુધી એ નક્કી કર્યું નથી કે મેલોની ૨૦૨૬માં ક્યારે ભારત આવશે.મુલાકાત દરમિયાન, બંને નેતાઓએ ઔદ્યોગિક સહયોગ, સાંસ્કૃતિક જોડાણ, વેપાર, ટેક્નોલોજી અને રાજદ્વારી ભાગીદારી જેવા મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી.તજાનીએ ખાસ ભાર મૂક્યો કે રશિયા અને યુક્રેન વચ્ચેની વાતચીતને આગળ વધારવા માટે ભારત અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી શકે છે. તેમના મતે, વૈશ્વિક સ્તરે ભારતનો વધતો પ્રભાવ આ પ્રયાસમાં સહાયક બની શકે છે.

### ભારત સહિત અનેક દેશો પર ૫૦% ટેરિફ!

# પહેલા અમેરિકા હવે મેક્સિકોએ આપ્યો Tariff નો મોટો ઝટકો

## મેક્સિકોએ ભારત, ચીન સહિત અનેક એશિયન દેશોમાંથી આવતા સામાન પર હાઈ ટેરિફ લગાવવાનો નિર્ણય લીધો

વોશિંગ્ટન, તા.૧૧

દુનિયામાં એકવાર ફરીથી ટેરિફ વોર થતી જોવા મળી રહી છે. અમેરિકા જ્યાં દુનિયાભરના દેશો પર ટેરિફ નાખીને ઝટકો આપી રહ્યું છે ત્યાં હવે અન્ય એક દેશ પણ તે લાઈનમાં આવી ગયો છે. અમેરિકાના પાડોશી મેક્સિકોએ પણ મોટું પગલું ભરતા ભારત, ચીન સહિત અનેક એશિયન દેશોમાંથી આવતા સામાન પર હાઈ ટેરિફ લગાવવાનો નિર્ણય લીધો છે. જે અમેરિકાની જેમ જ ૫૦ ટકા ટેરિફ હશે. સીનેટે આ પ્રસ્તાવને પોતાની મંજૂરી આપી દીધી છે અને નવા ટેરિફ આગામી વર્ષે એટલે કે ૨૦૨૬થી લાગૂ થશે. આ નિર્ણય ખાસ કરીને આવા દેશો માટે મોટો ઝટકો સમાન હશે જેમને મેક્સિકો સાથે કોઈ વેપાર સંધિ નથી. રિપોર્ટ મુજબ મેક્સિકો દ્વારા વધારવામાં આવેલો ટેરિફ આગામી વર્ષ ૨૦૨૬થી લાગૂ થશે. આ નિર્ણયથી સૌથી વધુ પ્રભાવિત થનારા દેશોમાં ચીન, ભારત, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા સૌથી ઉપર છે. આ તમામ દેશોથી આવતા ઓટો પાર્ટ્સ, ટેક્સટાઈલ, સ્ટીલ સહિત અન્ય સામાન પર આગામી વર્ષથી મેક્સિકો ૫૦ ટકા સુધી ટેરિફ વસૂલશે. સીનેટમાં પાસ કરાયેલા પ્રસ્તાવ મુજબ આ ઉપરાંત અનેક સામાન પર ટેરિફને વધારીને ૩૫ ટકા સુધી કરાઈ રહ્યો છે. આ ટેરિફ વધારનારા બિલના પક્ષમાં મેક્સિકોની સીનેટમાં ૭૬ મત પડ્યા જ્યારે વિરોધમાં ફક્ત ૫ મત પડ્યા. આ ઉપરાંત ૩૫ ગેરહાજર રહ્યા અને આ સાથે બિલ પાસ થઈ ગયું. વાત જાણે એમ છે કે અમેરિકાની જેમ મેક્સિકોએ પણ આ ટેરિફ વધારવાનું પગલું પોતાના સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર ઉઠાવ્યું છે. જો કે તેની અસર કેટલી થશે તે તો આવનારો સમય જ કહેશે. જો કે વેપાર સમૂહોએ આ ટેરિફ હાઈકનો ખુબ વિરોધ પણ કર્યો છે. રિપોર્ટ મુજબ મેક્સિકો ટેરિફ હાઈકના આ પગલા અંગે વિશ્લેષકો અને પ્રાઈવેટ સેક્ટરોએ તર્ક આપ્યો છે કે આ નિર્ણય વાસ્તવમાં અમેરિકાને ખુશ કરવા અને આગામી વર્ષે ૩.૭૬ અબજ ડોલરનો વધારાનો રાજસ્વ ઉભો કરવા માટે લેવાયો છે કારણ કે મેક્સિકો પોતાની રાજકોષીય ખાદ્યને દૂર કરવાનો પ્રયત્ન કરે છે. મેક્સિકોની સીનેટ દ્વારા મંજૂર કરાયેલા સંશોધિત વિધેયકમાં પહેલા પ્રસ્તાવની સરખામણીમાં ઓછી ઉત્પાદન શ્રેણીઓઓ સામેલ છે. લગભગ ૧૪૦૦ આયાતિત સામાનો પર ટેક્સ લગાવતા બિલને પહેલાના અટકેલા સંસ્કરણથી હળવું કરાયું છે કારણ કે તેમાંથી અનેક સામાન પર ટેરિફના દરને ૫૦ ટકાથી ઓછા રખાયા છે. જો કે મેક્સિકોએ અગાઉ પણ ચીની સામાન પર ટેરિફ વધારવાની જાહેરાત કરી હતી અને અમેરિકાને ખુશ કરવાની કોશિશ કરી હતી. પરંતુ તેની કઈ વધુ અસર જોવા મળી નહતી.

# ધારી ખાતે તાલુકા સાંસદ ખેલ મહોત્સવ યોજાયો





ધારી, તા. ૧૧

ધારી જીએન દામાણી હાઈસ્કુલ ખાતે સાંસદ ખેલ મહોત્સવ યોજાયો જેમાં ધારી ધારાસભ્ય જે.વી. કાકડીયા. તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, પૂર્વ ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, તથા જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હિરપરા, ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, જિલ્લા કિસાન મોરચા મહામંત્રી પરેશભાઈ પટ્ટણી, જિલ્લા બક્ષીપંચ મોરચા ઉપ પ્રમુખ સુરેશભાઈ ગમારા, પૂર્વ જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ભુપતભાઈ વાળા, પૂર્વ ધારી તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ જોશી. જિલ્લા પંચાયત સદસ્ય શ્રી ખોડાભાઈ ભુવા, ધારી તાલુકા ભાજપ ઉપપ્રમુખ ઉમેશભાઈ ધાધલ, ધારી તાલુકા ભાજપ મહામંત્રી મુકેશભાઈ રૂપારેલીયા તાલુકા પંચાયતસદસ્ય નિર્મળાબેન લુણગાતર, દિનેશભાઈ બલદાણીયા, ગોબરભાઈ નકુમ, ધર્મેન્દ્રભાઈ લહેરૂ, જીગ્નેશગીરી ગોસાઈ હાઈ સ્કૂલના પ્રિન્સિપાલ બારડ, શિક્ષક ડી. એલ. ચાવડા, ડોડીયા, જોટવા ઉપસ્થિત રહ્યા હતા..

# સાવરકુંડલાની ડ્રાયફ્રુટ ચીકી અને સાની આજે લોકપ્રિય




અમરેલી, તા. ૧૧

સાવરકુંડલામાં બનેતી પરંપરાગત સાની અને ડ્રાયફ્રૂટ ચીકી આજે સમગ્ર વિસ્તારમાં પોતાની આગવી ઓળખ બનાવી ચૂકી છે. ૪૦ વર્ષથી એકસરખો ટેસ્ટ જાળવી રાખનાર આ વ્યવસાય આજે શિયાળાની સિઝનમાં ખાસ કરીને વધુ માંગમાં રહે છે. સાવરકુંડલાની એ ખાસ વાત એ છે કે અહીં માત્ર એક જ શોપ એવી છે જયાં સાની અને ચીકી લાઈવ તૈયાર કરીને વેચાણ કરવામાં આવે છે.

તોફિક બાવલિયા જણાવે છે કે તેમની ઉંમર ૩૫ વર્ષ છે અને તેમણે ગ્રેજયુએટ સુધી અભ્યાસ કર્યો છે. પોતાના દાદાએ લગભગ ૪૦ વર્ષ પહેલા આ વ્યવસાયની શરૂઆત કરી હતી. ત્યારથી લઈને આજે સુધી આ વ્યવસાય પરિવાર દ્વારા જ સંચાલિત થાય છે. હાલમાં તોફિક અને તેમના પિતા મળીને આ પરંપરાગત મીઠાઈઓ બનાવે છે. "ગ્રામીણ વિસ્તારોમાં સાની અને ચીકીની માંગ સતત વધી રહી છે. ખાસ કરીને શિયાળામાં લોકો મોટા પ્રમાણમાં ખરીદી કરે છે," તોફિક જણાવે છે.

શિયાળાની મોસમમાં લોકો ખાસ કરીને ડ્રાયફ્રુટ ભરેલી ચીકી વધુ પ્રમાણમાં પસંદ કરે છે. રોજના લગભગ ૩૦ થી ૫૦ કિલો સાની અને ચીકીનું વેચાણ થાય છે, જે આ વ્યવસાયની લોકપ્રિયતા બતાવે છે. ગ્રાહકો માટે વિશેષ આકર્ષણ એ છે કે તમામ વસ્તુઓ લાઈવ, એટલે કે તેમના સામે જ તૈયાર કરવામાં આવે છે. આને કારણે લોકો વિશ્વાસપૂર્વક અહીંથી ખરીદી કરે છે.

# અમરેલીમાં પ્રદેશ કક્ષાની કુચીપુડી નૃત્ય સ્પર્ધામાં કુમારી મૈત્રી પી. જોષી પ્રથમ વિજેતા




અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં આ વર્ષે આયોજિત કલામહાકુંભ ૨૦૨૫ અંતર્ગત યોજાયેલી પ્રદેશ કક્ષાની કુચીપુડી નૃત્ય સ્પર્ધામાં કુમારી મૈત્રી પ્રકાશભાઈ જોષીએ પ્રથમ ક્રમ હાંસલ કરીને જામનગરનું નામ ઉજ્જવલ બનાવ્યું છે.

કલામહાકુંભ જેવી પ્રતિષ્ઠિત સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવવું માત્ર સ્પર્ધામાં જીતવું નથી, પરંતુ એક કલાસાધકના સપનાઓને નવી ઊંચાઈઓ તરફ લઈ જતું પાથેય છે. મૈત્રીની આ સિદ્ધિ માત્ર તેમની પ્રતિભાનું પ્રતિબિંબ નથી, પરંતુ તેમની સતત મહેનત, નિયમિત સાધના અને કલાપ્રેમનું ઉત્તમ ઉદાહરણ છે.

મૈત્રી જોષી તેમના ગુરૂ શ્રીમતી નીતા બેન પી. આચાર્ય, સરસ્વતી કુચીપુડી નૃત્ય સંસ્થાની પ્રતિભાશાળી માર્ગદર્શિકાના માર્ગદર્શન હેઠળ તાલીમ પ્રાપ્ત કરી રહ્યા છે. તેમના ગુરૂની નૃત્યકલાની ઊંડાણપૂર્વકની સમજ અને સમર્પિત શિક્ષણ પદ્ધતિએ મૈત્રીના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ જીત દ્વારા મૈત્રીએ પોતાની સાથે સાથે પોતાના ગુરૂનું ગૌરવ પણ વધાર્યુ છે.

તે ઉપરાંત, શ્રીમતી પાર્વતી દેવી શાળા દ્વારા પણ મૈત્રીને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તમામ વિદ્યાર્થીઓ માટે પ્રેરણા સ્ત્રોત તરીકે તેમની નોંધપાત્ર સિદ્ધિનું સ્વાગત કરવામાં આવ્યું છે.

કુમારી મૈત્રી બ્રહ્મસમાજના યુવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે આ એક પ્રેરણારૂપ સિદ્ધિ બની રહ્યાં છે ત્યારે રાષ્ટ્રીય પરશુરામ સેનાનાં રાષ્ટ્રીય સલાહકાર અને રાષ્ટ્રીય પ્રભારી નિખિલભાઈ ભટ્ટ દ્વારા મૈત્રીની આ સફળતાને સમગ્ર બ્રહ્મ સમાજ માટે ગૌરવની બાબત છે અને ભાવિ કારકિર્દી માટે ઉત્તરોત્તર સિદ્ધિ હાંસલ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# સાવરકુંડલા ખાતે આગામી ગાંધી મેળા અંગે બેઠક યોજાઈ

સાવરકુંડલા, તા.૧૧

ભાવનગર, અમરેલી, બોટાદ આ ત્રણેય જીલ્લાના ઉપક્રમે દર વર્ષે ગાંધી મેળાનું આયોજન થતું હોય છે. પૂજય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું અવસાન તા. ૩૦/૦૧/૧૯૪૮માં થયું ત્યાર પછીના ૧૨ દિવસ શ્રાધ્ધ દિન તરીકે મનાવવામાં આવે છે.

તેના અનુસંધાને તા. ૭–૮ ફેબ્રુઆરી ૨૦૨૬ (શનિ–રવિ) ગાંધી મેળાનું આયોજન શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડ–સાવરકુંડલા મુકામે યોજાયેલ રહેલ છે. આ મેળાના આયોજન અંગે તા.૦૮/૧૨/૨૦૨૫ ને સોમવારના રોજ શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળના પ્રમુખ આદરણીય મુરબ્બી હિંમતભાઈ ગોડાના પ્રમુખ સ્થાને બેઠક યોજાયેલ. જેમાં ભાવનગર, અમરેલી, બોટાદ આ ત્રણેય જીલ્લાઓમાં ખાદી અને ગ્રામોધોગનું કામ કરતી સંસ્થાઓ તથા નઈતાલીમની સંસ્થાઓ માંથી જે તે સંસ્થાના પ્રતિનિધિઓ હાજર રહેલા.

આ ગાંધી મેળાની અંદર ગાંધીજીને ગમતી પ્રવૃતિઓ તથા ગાંધી વિચારો વિષે બોલતા સારા વક્તાઓને બોલાવામાં આવશે. આ ગાંધી મેળાના બંને દિવસો દરમિયાન ખાદી ગ્રામોધોગ તથા શૈક્ષણિક સંસ્થા દ્વારા એક સ્ટોલના રૂપે નીદર્શન તથા પ્રદર્શન ગોઠવવામાં આવેલ છે. તેમજ રચનાત્મક સંસ્થાઓના કાર્યકર્તાઓનું પ્રશિક્ષણનું કામ પણ ગાંધી મેળા દરમિયાન થશે. સાથો સાથે તા. ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ શનિવાર રાત્રીના એક ભવ્ય લોકડાયરાનું આયોજન કરવા માં આવેલ છે.

આથી સાવરકુંડલા શહેર તથા તાલુકાની જાહેર જનતાને તથા શાળા કોલેજના વિદ્યાર્થીઓને ગાંધી મેળાના આ બંને દિવસોમાં લાભ લેવા શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ –ખાદીકાર્યાલય–સાવરકુંડલા નિમંત્રણ પાઠવે છે.

# આવો, પક્ષીઓ પાસેથી કશુંક શીખીએ



અમરેલી, તા. ૧૧

માણસ ભૂલ્યો છે જીવવાનું ભાન, દિશાવિહીન છે તે ગુમાવી છે શાન, આસપાસ જો મળશે ફૂલ–ઝાડ, વસે છે ત્યાં જ સુખનાં સરનામાં સમા અબોલ જીવોની જાન. માણસનું જીવન અલભ્ય છે. એવું કહેવાય છે કે ૮૪ લાખ જન્મનાં ફેરા ફર્યા બાદ મનુષ્ય જીવન મળે છે, પરંતુ આ અદ્ભુત જીવનનો કેટલા લોકો સારી રીતે ઉપયોગ કરે છે એ આજનાં સમયનો એક મોટો પ્રશ્નાર્થ છે. માણસ સવારે ઉઠે છે અને રાત્રે મોડે મોડેથી સુવે છે ત્યાં સુધી લઈને એ કેટકેટલું એવું કરે છે જે એને, એનાં શરીરને, એની આત્માને નુકસાનકર્તા બને છે. એક વ્યકિત દ્વારા બીજા વ્યકિતનાં દિલને દુભાવવું, ઘરના સભ્યો સાથે યોગ્ય વ્યવહાર ન કરવો, સહકાર્ચારીઓ સાથે સુયોગ્ય વ્યવહાર ન કરવો, સતત જંક ફૂડ ખાઈને શરીરને અસ્વસ્થ કરવું વગેરે ન જાણે કેટકેટલી ખરાબ આદતો માણસ સાથે લઈને જીવતો હોય છે. એવું કહીએ કે માણસ કરતાં તો પશુ, પક્ષી અને પ્રાણીઓ સમજદાર છે તેમાં કોઈ નવાઈ નહિ લાગે. આ માટે પક્ષીઓનું જ ઉદાહરણ લઈએ તો તેઓ પણ સ્વસ્થ, આરોગ્યપ્રદ જીવન જીવવા માટે કેટલાંક નિયમો પાળે છે. તેઓ રાતે ભોજન નથી કરતા ઉપરાંત એ ક્યારેય એકસામટું ખાતા નથી, પોતાનું ભોજન ક્યારેય બદલતા નથી. એમની સામે જેટલા પણ દાણા હશે એ ક્યારેય બધા ખાઈ નહી જાય. એમને જેટલી ભૂખ હશે એટલું જ ખાશે અને ઉડી જશે. પોતાની સાથે પણ કશું જ લઈ નહી જાય. તેઓ જો બીમાર પડશે તો ખાવાનું છોડી દેશે એટલે કે ઉપવાસ કરશે જે પ્રાકૃતિક ચિકિત્સાનું એક સ્વરૂપ છે. તેઓ ઠીક થાય પછી જ ફરીથી ખાવાનું શરૂ કરે છે. માણસે પણ આવી જ રીતે 'મિતાહાર' અને જરૂર પડે ત્યારે 'ઉપવાસ'ને અપનાવવો જોઈએ. પ્રાચીન ગ્રંથોમાં પણ તેનો ઉલેખ્ખ છે. પક્ષીઓ રાત્રે પોતાનું ઘર છોડીને ક્યાંય બહાર આટા ફેરા કરવા જતા નથી, પોતાનાં બાળકોને યોગ્ય સમયે યોગ્ય શિક્ષા આપે છે અને યોગ્ય સમય આવ્યે તેમને માળામાંથી ઉડવાની અને ખુલ્લા આકાશમાં વિહરવાની પ્રેરણા પણ આપે છે. તેઓ પોતાના શરીર પાસેથી સતત કામ લે છે અને ફકત રાત્રે જ આરામ કરે છે. પરિશ્રમ કરવાથી હદય, કીડની, લીવરની બીમારીઓ થતી નથી. તેઓ પર્યાવરણને અનુકુળ રહે છે, પોતાનું રહેઠાણ પણ પર્યાવરણને અનુકુળ હોય તે રીતે જ બનાવે છે. પ્રકૃતિ પાસેથી એ એટલું જ લે છે જેટલી એમને જરૂર છે, પોતાની માતૃભાષા માટે પ્રેમ અનુભવે છે અને વ્યવહારમાં પણ તે જ ઉપયોગમાં લે છે. આમ આવા જીવો પાસેથી માણસે પણ કશુક શીખવું જોઈએ અને વ્યવહારમાં અપનાવવું જોઈએ.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૭૦૬૯૨ ૨૧૯૯૯)**

# સ્માર્ટ ફોનની ખરીદી માટે ખેડૂતોને રાજય સરકાર દ્વારા રૂા. ૬,૦૦૦ સુધીની સહાય

અમરેલી, તા. ૧૧

રાજય સરકાર દ્વારા નાગરિકોને સરકારની તમામ યોજનાઓની માહિતી આંગળીના ટેરવે ઉપલબ્ધ થઈ શકે તે માટે 'મારી યોજના પોર્ટલ' શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર રાજય સરકારની તમામ યોજનાઓની માહિતી, અરજી કરવાની લિંક અને જરૂરી લાયકાતો સહિતની જીણવટભરી વિગતો સરળતાથી મળી જાય છે.

મારી યોજના પોર્ટલ પર 'સ્માર્ટ ફોન ખરીદી માટે સહાય યોજનાની માહિતી આપવામાં આવી છે. કૃષિ ક્ષેત્રે દિનપ્રતિદિન ડિજિટલ સેવાઓનો વ્યાપ વધી રહ્યો છે. કૃષિ ક્ષેત્રે ડગલે ને પગલે ખેડૂતો આઈ.ટી ટેક્નોલોજીના ઉપયોગ થકી અદ્યતન તકનીકો અપનાવીને પોતાની આવકમાં વધારો મેળવતા થયા છે.

ગુજરાત સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હેઠળ 'સ્માર્ટ ફોન ખરીદી માટે સહાય યોજના અમલી છે. આ યોજના હેઠળ ખેડૂતોને સ્માર્ટ ફોનની ખરીદી કર્યેથી રૂ. ૧૫ હજાર સુધીની કિંમત પર સહાય મળવાપાત્ર છે. જેમાં ખેડૂતને સ્માર્ટફોનની ખરીદ કિંમતના ૪૦ ટકા લેખે સહાય અથવા રૂ. ૬ હજાર બે માંથી જે ઓછું હોય તે સહાય મળવાપાત્ર છે. આ યોજના હેઠળ ખેડૂતો માત્ર એક જ વાર સહાય મેળવી શકે છે.હવામાન ખાતાની આગાહી, વરસાદ સંબંધિત આગાહી, સંભવિત રોગ જીવાત ઉપદ્રવની માહિતી ખેડૂતો ઉપયોગી પ્રકાશનો, નવીનતમ ખેત પદ્ધતિ, ખેતીવાડી શાખાની સહાય યોજનાઓની માહિતી મેળવવા માટે સ્માર્ટફોન ખેડૂતોને ઉપયોગી નીવડે છે.

લાભાર્થીની પાત્રતા : આ યોજના હેઠળ જમીન ધારણ કરનાર ખેડૂતોને લાભ મળવાપાત્ર છે. ખેડૂતો એક કરતા વધારે ખાતા ધરાવતા હશે તો પણ માત્ર એક જ વાર સહાય મળવાપાત્ર છે. સંયુક્ત ખાતાના કિસ્સામાં ખેડૂતોને તેઓની જમીનના ૮–અ માં દર્શાવેલા ખાતેદારો પૈકી કોઈ એકને જ સહાય મળવાપાત્ર છે.

ખેડૂતોએ આ યોજનાનો લાભ મેળવવા માટે આઈ–ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહે છે. ઉપરાંત જરૂરી સાધનિક પુરાવા જેમ કે, ૮–અની નકલ, બેંક પાસબુક નકલ, આધારકાર્ડ નકલ, સ્માર્ટ ફોન ખરીદી કરી હોય તેનું જી.એસ.ટી નંબર સાથેનું અસલ બીલ, ઉપરાંત મોબાઈલનો આઈ.એમ.ઈ.આઈ નંબર સહિતની વિગતો આપવી જરૂરી છે. આ યોજનાઅંગેની વધુ વિગતો માટે ખેડૂતો મારી યોજના પોર્ટલ http://mariyojna. gujarat. gov.in/moredetails. aspx પરથી વિગતો મેળવી શકે છે.

## નવમ-દશમ-અગિયારસ પુરૂષાદાનીય શ્રી પાર્શ્વનાથ પ્રભુના જન્મદિક્ષા કલ્યાણ નિમિત્તે

# સમગ્ર ભારતભરના જૈનોમાં વિશિષ્ટ ભકિત એટલે આ વર્ષે તા. ૧૩, ૧૪, ૧૫ શનિવાર, રવિવાર, સોમવારે અદ્ભુત ભકિતનો માહોલ સર્જાશે

## મુંબઈમાં જ ૧૦ હજારથી વધારે લોકો ત્રણ દિવસના ઉપવાસ એટલે કે અઠ્ઠમ કરશે

અમરેલી, તા. ૧૧

નૂતન વર્ષમાં સંવત્સરી જેવું મહત્વ ધરાવતાં જ્ઞાન પાંચમ અને કલ્યાણકોની પ્રધાનતા દર્શાવતું મૌન એકાદશી પર્વ હજુ તો પૂર્ણ થાય ત્યાં પોષ દશમી પર્વ આવીને વધામણાં કરે છે. તીર્થોમાં સામેથી જવું પડે, પર્વ સામેથી આવે છે. માગશર વદ નવમ, દશમ, અગિયારસ એ મારવાડીમાં પોષ મહિનામાં આવતા હોવાથી આ મહિનાને પોષ દશમી તરીકે પ્રખ્યાતી મળી છે. પાર્શ્વનાથ પ્રભુની જન્મ કલ્યાણક અને દીક્ષા કલ્યાણકની સમગ્ર ભારતભરમાં ત્રણ ઉપવાસ દ્વારા કે ખીરના, સાકરના, પાણીના વગેરેના ત્રણ એકાસણાં કરવા દ્વારા સમાધિની સાધના ઉલ્લાસભેર થાય છે.

આ વર્ષે ગીતાંજલિ મ્બાર મૂર્તિપૂજક જૈન સંઘ, બોરીવલી દ્વારા દસ હજાર આઠ સામુહિક અઠ્ઠમનું આયોજન નિર્ધારાયું છે. ભારતભરના પાર્શ્વનાથ પ્રભુના તીર્થોમાં ઠેર ઠેર સામુહિક અઠ્ઠમ અને જન્મકલ્યાણક આદિની આરાધના તો થશે પરંતુ એકલા શંખેરમાં ૩૦થી ૩૫ હજાર અઠ્ઠમની આરાધનાઓ થતી હોય છે. સમાધિદાયક પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમની આરાધનાથી આત્મામાં શાતા, શાંતિ અને સમાધિનો ત્રિવેણી સંગમ પ્રાપ્ત થાય છે.

આસન્ન ઉપકારી શાસન મહાવીર પ્રભુનો મહિમા અપરંપાર છે તેમ છતાં પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકો આજે પણ તેમનો મહિમા સાધકોને અનુભવ કરાવી રહ્યા છે. વર્ધમાન તપની ૧૦૦ ઓળીના પારણા સમયે જૈન સંઘ વર્ધમાન સૂરિજી શંખેર તરફ પ્રયાણ કરી રહ્યા હતા અને રસ્તામાં જ કાળધર્મ પામે છે. અને એમ કહેવાય છે કે આજે શંખેર પાર્શ્વનાથના મુખ્ય અધિષ્ઠાયક તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે.

લોલાડા ગામમાં એક વખત શંખેર તીર્થની ભકિત કરવા આ ગામના સંઘનો વારો આવ્યો હતો. લગભગ સો એક વર્ષ પહેલાં શંખેરમાં હડતાળ ચાલી રહી હતી તે વખતે આ ગામના દરેક કુટુંબના એક એક સભ્યને ગાડામાં શંખેર જવાનું હતું અને ત્યાંની જવાબદારી સંભાળવાની હતી. આ ગામના એક પરિવારને લગ્નમાં જવાનું હોવાથી તેમણે તેમની ૧૩ વર્ષની દીકરીને સંઘ સાથે ગાડામાં જવાનું કહ્યું. અને આ દીકરી સવારે ૩ : ૦૦ થી ૩ : ૩૦ વાગ્યે કૂવે પાણી ભરવા ગઈ અને પગ લપસ્યો અને તે કૂવામાં પડી. પણ તેણે ત્યારે શંખેર પાર્શ્વનાથ પ્રભુને યાદ કર્યા અને ઘણાં કિલોમીટર લાંબે શંખેરના જિનાલયના ગભારાની સામે તે ભીના કપડે ઊભી હતી. શંખેર પાર્શ્વનાથ પ્રભુનો આવો અપરંપરા મહિમા જોઈએ આ દીકરીએ નીતિસૂરિ સમુદાયમાં દીક્ષા લીધી અને આજે જિનેન્દ્રભકિતજી મહારાજના નામે સંયમ જીવન ઉત્તમ રીતે વહન કરી રહ્યા છે.

પારસનાથ પ્રભુના નામની અંદર ૮૪ હજાર વિદ્યાઓ છે. આજે પણ બીજું કંઈ ન આવડે અને જે લોકો પાર્શ્વનાથ પાર્શ્વનાથ. એમ પ્રભુના નામો માત્ર જાપ પણ કરે તો તેને અચૂક અવશ્યમેવ તેનો મહિમા અનુભવવા મળે છે. કેમ કે તેમના નામ માત્રથી લોકોના કામ થયા વગર રહેતા નથી.

પારસનાથ શબ્દની વ્યુત્પત્તિ કરતાં મહાપુઢષો જણાવે છે કે પા રસ નાથ એટલે કે હે નાથ તું જે સિદ્ધ શિલામાં આનંદનું વેદન કરે છે તે રસ અમને પણ પીવડાવ. બીજો અર્થ કરતાં કહ્યું કે પાર સ નાથ એટલે સંસ્કૃતમાં સનો અર્થ તે થાય છે તો તે નાથ પાર ઉતારે તેવા છે અને આ જ પાંચ અક્ષરોમાંથી ત્રીજો અર્થ નિષ્પન્ન થયો છે કે પારસ નાથ એટલે કે પારસના પણ નાથ છે. લૌકિક પારસમણી લોખંડને સોનું બનાવે પરંતુ તેમાં પારસમણીના ગુણોનું આરોપણ ન કરી શકે જયારે આ પ્રભુ પારસના પણ નાથ એટલે લેકોત્તર પારસ છે. એ આવાહન આપે છે કે તમે મારી ભકિત કરો હું તમને મારા જેવા જ બનાવી દઈશ.

વીરવિજયજી મહારાજાએ ગાયું છે કે.. પંચમ આરે પ્રાણિયા, સમરે ઊઠી સવાર, વાંચિત પૂરે, દુઃખ હરે, વંદુ વાર હજાર.

અર્થાત્ આજે પણ જો સવારે શંખેર પાર્શ્વનાથ પ્રભુનું નામ માત્ર લેવામાં આવે તો તેની ઈચ્છાની પૂર્તિ જ નહી પરંતુ ઈચ્છાની વૃત્તિનું મહાદાન મળે છે અને ભવના દુઃખ હરાઈ જાય છે અને શાત સુખના ભોકતા બનાવે છે. યોગવિનંસ્તિકામાં જણાવ્યા પ્રમાણે પ્રભુવ્યકતા શિવપદસ્થોડસો, શક્ત્યા ભવતિસર્વત્રઃ અર્થાત્ પાર્શ્વનાથ પ્રભુ વ્યકિતથી મોક્ષે ગયા છે પરંતુ શકિતથી ૧૪ રાજ લોકમાં હાજરા હજુર છે. પાર્શ્વનાથ પ્રભુ હાલ મોક્ષમાં છે પરંતુ તેમના યશ નામકર્મના લીસોટાંઓ આજે પણ અલગ અલગ તીર્થોના માધ્યમે કોઈ વ્યકિતની ભકિતના પ્રભાવે કે ક્યાંક તેના અધિષ્ઠાયકોના ભકિતના પ્રભાવે અલગ અલગ મહિમા જોવા – જાણવા અને માણવા મળે છે.

આચાર્ય ભગવંત મુકિતવલ્લભસૂરીજી મહારાજ લિખિત ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના ગ્રંથમાં ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનો અપરંપરા મહિમા અસ્ખલિત રીતે વર્ણવામાં આવ્યો છે. સંયમ જીવનના પ્રારંભિક વર્ષોમાં તેમણે અનેક જ્ઞાન ભંડારોના ગ્રંથોનું પરિસિલન કરીને બે દળદાર ગ્રંથો ૫૪ – ૫૪ પાર્શ્વનાથ ભગવાનના મહિમાને ઉજાગર કરતાં દર્શાવ્યા છે. એક સમિતિ પણ નીમવામાં આવેલી જેના પાંચ–સાત સભ્યોએ આ ૧૦૮ તીર્થોમાં જઈને તેના યંત્રો – મંત્રો – તંત્રો અને તેનો મહિમા એકત્રિત કરીને આ બે ગ્રંથોમાં અદભુત રીતે વર્ણવેલો છે.

૧૦૮ તીર્થમાં દરેક પ્રભુનો મહિમા અલગ અલગ રીતે રજૂ કરાયો છે પણ મંત્રાધિરાજ સ્ત્રોત દ્વારા પાર્શ્વનાથ પ્રભુના ગુણવાચક ૧૦૮ નામોનો રસથાળ પણ આમાં આલેખાયો છે. ૧૦૦૮ પાર્શ્વનાથ પ્રભુની નામાવલી પણ જોવા મળે છે. રાજસ્થાન અને ગુજરાતની સરહદે આવેલા પોષીના પાર્શ્વનાથ ભગવાનનો મહિમા આ સમિતિના સભ્યોને ચમત્કાર સ્વરૂપે અનુભવવા મળેલ. તે વાતનું નિદર્શન અદભુત રીતે કરવામાં આવ્યું છે. આગલે ગામથી જયારે આ તીર્થમાં જવાનું હતું ત્યારે ત્યાં ફોનથી માહિતી આપવાનો પ્રયત્ન કર્યો પરંતુ તીર્થોમાં અવરજવર મર્યાદિત હોવાને કારણે અને ફોન પણ નહી લાગવાને કારણે બીજે દિવસે સવારે છ કલાકે પ્રયાણ શરૂ કર્યુ. દોઢ –બે કલાકનો રસ્તો હતો પરંતુ જંગલમાં ગાડી ખોડવાઈ જાય છે અને સાંજે સાડાચાર વાગ્યે રીપેરિંગ થાય છે. હજુ ઘણી મઝલ કાપવાની બાકી છે અને સાંજનો સમય સૂર્યાસ્તની ૧૦–૧૫ મિનિટ પહેલાં પહોંચે છે ત્યારે આ સમિતિના પાંચ–સાત સભ્યોને એમ હતું કે હવે તો ભોજન પણ ઉપલબ્ધ નહીં થઈ શકે કારણ કે ધર્મશાળાની રૂમો બંધ છે અને પૂજારી અને મુનીમની દેરાસરની બહાર હાથ જોડીને ઊભા છે. પરંતુ સાનંદ આશ્ચર્ય સાથે તે પૂજારીએ જણાવ્યું કે આપ દર્શન કરો આપ સૌનું ભોજન તૈયાર છે. તેમણે કહ્યું કોઈ યાત્રિક નથી તો અમારા આટલા બધાની વ્યવસ્થા કેવી રીતે થશે તેમણે કહ્યું કે હમણાંની નહીં સવારની પણ રસોઈ અમે બનાવી હતી કેમ કે અમારા પોષીનાથ પાર્શ્વનાથ પ્રભુનો એવો મહિમા છે કે કોઈ પણ યાત્રિક આ તીર્થમાં આવાવના હોય તો અમારા જિન મંદિરના પાંચ શિખરમાંથી એક શિખરની ધજા વીંટળાઈને ફીટ થઈ જાય અને તેમણે ઉપર જોયું તો એક ધજા ફીટ થઈ ગઈ હતી અને દર્શન કરીને બહાર આવ્યા અને એ ધજા લહેરાવવા લાગી.

રાજસ્થાનમાં એક કુમકુમ રોલ પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ છે. તેની તમે ભકિ કરો એટલે તમારા પરિવારમાં કંકુ અને ક્ષત ચોળવાનો અવસર આવ્યા વગર રહે નહીં. વીંછુડા પાર્શ્વનાથ ભગવાન એવા અદભુત પ્રભાવશાળી છે કે તેમના કંઠમાં એક પુષ્પની માળા આરોપણ માત્ર કરવાથી જગતના સર્વ વીંછીઓ તરફથી અભયદાનની પ્રાપ્તિ થાય છે. નાગેરના તીર્થમાં ઉજ્જૈનથી આવેલા પાર્શ્વનાથ પ્રભુ છે. ધર્ણેન્દ્રએ અહીછત્રા તીર્થમાં જે છત્ર ધરી દીધેલું તે જ પ્રભુ હાલ નાગેરમાં બિરાજમાન છે. ગામમાં કોઈને સાપ કરડે તો આજે પણ તે જિન મંદિરના સ્થંભને વળગી પડે તો સાપનું ઝેર ઉતરી જાય છે. પાટણના કોકા પાર્શ્વનાથ ભગવાન તેવા પ્રભાવશાળી છે કે તેમાં શંખેર જવાનું નિશ્ચિત કર્યુ હોય અને ન પહોંચી શકો તો કોકા પાર્શ્વનાથના દર્શન માત્ર કરવાથી તમારી શંખેર પાર્શ્વનાથની માનતા પૂરી થઈ જાય છે કારણ કે શંખેર પાર્શ્વનાથના અધિષ્ઠાયકો પ્રથમ પ્રહરમાં પાટણના કોકા પાર્શ્વનાથ પ્રભુની ભકિત કરવા માટે પધારે છે.

ગઈ ચોવીશીના નવમાં તીર્થંકર દામોદર સ્વામીના સમવસરણમાં આષાઢી નામનો શ્રાવક ઊભો થયો અને પ્રભુને પૂછ્યું મારો મોક્ષ ક્યારે થશે ત્યારે પ્રભુએ કહ્યું કે આવતી ચોવીશીના ત્રેવીસમાં પાર્શ્વનાથ પ્રભુના આર્યઘોષ નામે આપ ગણધર બનશો. તો તે જ સમયે વેળુમાંથી પ્રતિમાનું સર્જન કર્યુ અને ત્યારબાદ પોતે આર્યઘોષ નામે દેવ થયા તો દેવલોકોમાં પ્રભુજીને લઈ ગયા ત્યાં ભકિત કરી. ત્યાર પછી ૫૪ લાખ વર્ષ સુધી આ શંખેર દાદા સૂર્યના વિમાનમાં, ૫૪ લાખ વર્ષ સુધી ચંદ્રના વિમાનાં પૂજાયા છે અને અસંખ્ય વર્ષો સુધી અનેક દેવલોકના દેવોએ આ પ્રભુની ભકિત કરી છે એ જ પરમાત્મા અત્યારે ગુજરાતમાં પાટણ જિલ્લામાં શંખેર પાર્શ્વનાથ પ્રભુ તરીકે અપાર પ્રસિદ્ધિને પામ્યા છે. હજારો લોકો તેની પૂનમની અને વદ–૧૦ની યાત્રા માટે પધારે છે. નવસારીના સુશ્રાવક છેલ્લા કેટલાક વર્ષોથી વદ–૧૦મે શંખેર પધારીને દાદાની અપ્રતિમ ભકિત કરતાં હોય છે. કેડસમાણાં પાણી હોય કે અમેરિકાથી ફલાઈટમાં આવવાના હોય, છેલ્લા ૩૦–૩૫ વર્ષથી એક પણ દિવસની ભકિત તેમની છૂટી નથી. વર્ષોથી પૂનમ કરનારા તો સેંકડો ભાગ્યશાળીઓ શંખેરના પરમભકત છે.

આજે પણ કોઈ સાધુ–સાધ્વીજી ભગવંતો કે યાત્રિકો જો રસ્તો ભૂલે તો ઘોડેસવારો આવીને માર્ગ બતાવતા હોય છે. અજૈનો પણ આ દાદાની અપ્રતિમ ભકિત કરતાં હોય છે. શંખેરના સ્થાનિકો પણ દાદાના દર્શન વગર મોઢામાં પાણી નથી લેતાં. દાદામાં બે દ આવે છે પરંતુ તે ત્રણ દને હરનારા છે. ભકોના દુઃખ, દારિદ્ર અને દુર્ભાગ્ય સહજમાં હરી લેતાં હોય છે.

જૈનોના પણ નવસ્મરણના નવ સ્તોત્રમાંથી ત્રણ સ્તોત્રો પાર્શ્વનાથ પ્રભુના છે. એક માત્ર ઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ માત્ર કરવાથી પાર્શ્વનાથ પ્રભુને ૧૨,૮૦૦ વખત વંદન થાય છે. પ્રથમ ગાથામાં ૮૦ વંદન, દ્વિતિય ગાથમાં ૪૦,તૃતિય અને ચોથી ગાથામાં એક એક વંદન અને છેલ્લી ગાથામાં ચાર વંદન આ બધાનો ગુણાકાર કરતાં કુલ ૧૨,૮૦૦ પ્રણામ થાય છે અને એમ લખ્યું છે ચીટ્ઠઉ દૂરે મંતો, તુજઝ પણામો વિ બહુફલો હોઈ અર્થાત તારો ૧૮ અક્ષરનો ચિંતામણી મંત્ર તો દૂર રહ્યો પરંતુ તને કરેલો પ્રણામ એ પણ બહુ ફળને દેનારો છે.

નમિઉણમાં રહેલો ૧૮ અક્ષરનો ચિંતામણી મંત્ર પેથડશાને સિદ્ધ થયો હતો. જેના એક એક અક્ષર પર ધર્ણેન્દ્ર અને પદ્માવતી હાજરાહજૂર છે. આ ત્રણ દિવસમાં આ મંત્રની કે નાના બીજ મંત્રની સવા સો માળા ગણવાનું વિધાન છે. જે ગુરૂ મુખે ગ્રહણ કરીને લાખો ભાવિકો આ ત્રણ દિવસ દરમ્યાન ધ્યાનની વિશ્રાંતિ સમાન આ જાપ કરતાં હોય છે. કેમ કે ભગવાન હરિભદ્રસૂરિ મહારાજ ફરમાવે છે કે જપાત્ સિદ્ધિ, જપાત્ સિદ્ધિ, જપાત્ સિદ્ધિર્ન સંશયઃ અર્થાત જાપથી સિદ્ધિ થાય, જાપથી સિદ્ધિ થાય અને જાપથી અવશ્યમેવ સિદ્ધિ થાય છે. તેમાં પણ પાર્શ્વનાથ પ્રભુનું નામ ચિંતામણી સમાન છે.

એક ભાઈ ખૂબ આનંદમાં રહેતાં અને સર્વપ્રકારે અત્યંત સુખી હતાં. તેમણે કોઈએ પૂછ્યું કે તમારી આ ખુશીનું રહસ્ય શું છે. ત્યારે તેઓએ જણાવ્યું કે મારા ઘરથી મારી પેઢીનું એકાદ કલાકનું અંતર છે તે સમયે આવતા–જતાં હું માત્ર પાર્શ્વનાથ પ્રભુના નામનો જાપ કરૂં છે જેનાથી મને અપાર શાંતિ, આનંદ અને સમાધિની પ્રાપ્તિ થાય છે. નામ લિયંતા આવી મલે, મન ભીતર ભગવાન. એવી અનુભૂતિ પારસનાથ પ્રભુનું નામ માત્ર લેવાથી થાય છે. નવકાર પહેલાં ૐ બોલીને અને ઉવસગ્ગહરં પછી સ્વાહા બોલીને સાત વખત જાપ કરીને બન્ને હથેળીમાં ફૂંક મારવાથી ગમે તેવા વિઘ્નોનો તત્કાળ નાશ થાય છે. એક નવકાર, એક ઉવસગ્ગહરં એમ ૯, ૨૭ કે ૧૦૮ વખત જાપ કરવાથી ફૂલમાળા મંત્ર સ્વરૂપે તત્કાળ ચમકૃતિનો અનુભવ થાય છે. સંપૂટ જાપમાં એક નવકાર, એક ઉવસગ્ગહરં અને એક નવકાર એટલે જેમાં ૨૧૬ નવકાર અને ૧૦૮ ઉવસગ્ગહરં આવે તેવી રીતે સંપૂટ જાપ કરવાથી અદભુત આત્માનંદની પ્રાપ્તિ થતી હોય છે.

ત્રિકોણ મુદ્રા એટલે કે પ્રથમ મપ્રયમમાં અને કનિષ્ઠિકા એટલે કે પહેલી, ત્રીજી અને પાંચમી આંગળીઓ ભેગી કરીને પાણીમાં રાખીને ઉપર પ્રમાણે જાપ કરીને તે પાણી ઘરમાં છાંટી દેવાથી નકારાત્મકતા દૂર થાય છે અને આત્મકલ્યાણમાં આવતા વિઘ્નો વાદળની જેમ વિખરાઈ જાય છે. જિરાવલા પાર્શ્વનાથ પ્રભુનો એટલો અદભુત મહિમા છે કે કોઈ પણ મંદિરમાં પ્રતિષ્ઠા હોય પરંતુ તે પરમાત્માની પાછળ જિરાવલા પાર્શ્વનાથ ભગવાનનો મંત્ર આલેખવામાં આવતો હોય છે કેમ કે પ્રતિષ્ઠા સમયે જિરાવલા પાર્શ્વનાથ ભગવાનના અધિષ્ઠાયકો ત્યાં હાજરાહજૂર થતાં હોય છે અને આ જ જિરાવલાની પુનઃપ્રતિષ્ઠા વખેત જાણે બધાં જ અધિષ્ઠાયકો હાજર થયાં હોય તેમ પ્રતિષ્ઠા સમયે અઢળક અમીઝરણાંનો અનુભવ આ લેખક સહિત અને સાધકોએ કરેલો છે.

આ પ્રમાણે ૧૦૮ પાર્શ્વનાથ ભગવાનના અપરંપરા મહિમા ગ્રંથોમાં જાણવા અને જોવા મળે છે. સ્થંભન પાર્શ્વનાથ ભગવાન, ચારૂપાર્શ્વનાથ પ્રભુ, સૂરજમંડન પાર્શ્વનાથ પ્રભુ, અવંતિ પાર્શ્વનાથ પ્રભુ, નવલખ્ખા પાર્શ્વનાથ પ્રભુ, સહસ્ત્રફણાં પાર્શ્વનાથ પ્રભુ, ચિંતામણી પાર્શ્વનાથ પ્રભુ વગેરે અનેક મહિમાવંત પ્રભાવશાળી પાર્શ્વનાથ પ્રભુજીના મહિમાને દર્શાવતી અનેકવિધ કથાઓ માત્ર આશ્ચર્યકારી નહીં પરંતુ ચમ્કૃતિ સભર પણ છે અને આજે પણ તેનો પ્રભાવ અકબંધ જોવા મળે છે.

કમઠ ઉપસર્ગ કરે કે ધર્ણેન્દ્ર છત્ર ધરે પરંતુ પાર્શ્વનાથ પ્રભુ બન્ને માટે એક સમાન ચિત્તવૃત્તિવાળા હોય છે. તેથી તેમના જન્મકલ્યાણ વદ–દશમની ભાવિકો ૧૦ વર્ષ અને ૧૦ મહિના સુધી એકાસણાં દ્વારા આરાધના – સાધના કરતાં હોય છે. જેથી સમાધિને પ્રાપ્તિ થાય છે. સમગ્ર ભારતભરમાં આજે પણ એક અપેક્ષાએ પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા અઢળક પ્રમાણમાં તેમ જ ઘણીજગ્યાએ તો મૂળનાયક તરીકે પણ જોવા મળે છે. જયાં હજારો અને લાખો ભાવિકો નિત્ય પરમાત્મના દર્શન – વંદન – પૂજનથી પોતાનું આત્મકલ્યાણ સાધી લેતાં હોય છે.

ધર્ણેન્દ્ર પણ જાણે કે આહવાન આપે છે કે પ્રભુ આપે તો દ્રવ્યાનુયોગનું ચિંતન કરવાનું હોય એના બદલે મને જ્ઞાનમાં જોઈને હું લાકડામાં બળતો હતો ત્યારે સેવકના શ્રીમુખે નવકાર સંભળાવીને દેવલોકની પ્રાપ્તિ કરાવી આપી તો હવે હું આહવાન કરૂ છું કે હું જગતના ચોકમાં જાહેર કરૂ છું કે તમાઢં કોઈ માત્ર નામ લેશો તો હું ત્યાં હાજર થઈ જઈશ.બારમા વિમલનાથ પ્રભુના સમયથી બાવીશમાં નેમિનાથ પ્રભુના સમય સુધી દશ તીર્થંકરના કાળમાં પાર્શ્વનાથ પ્રભુનો આત્મા દશમા પ્રાણાત નામના દેવમાં પોતાનું દેવાયુ ભોગવી રહ્યા હતા ત્યારે અગ્રેસર બનીને ૧૦ તીર્થકરોના પાંચ કલ્યાણો એમ ૫૦ કલ્યાણકો અને ૧૦ ક્ષેત્રમાં કુલ ૫૦૦ કલ્યામણકો પાર્શ્વનાથ પ્રભુએ અપ્રતિમ ભકિત કરી તેના પ્રતાપે તેમનું યશ નામ કર્મ એવું ઉજ્જવળ થયું કે આજે પણ લોકો પોતાની બધી જ ઈચ્છા – આકાંક્ષાઓની પૂર્તિ અને નિવૃત્તિ સાથે આત્મકલ્યાણની પ્રત્યેક પળમાં પ્રભુનું નામ લઈને પ્રભુના પ્રભાવની અનુભૂતિ કરતાં હોય છે.

આવો આ ત્રણ દિવસની સાધના દરમ્યાન આપણે પણ અઢીથી ત્રણ હજાર વર્ષ પહેલાં થઈ ગયેલાં પાર્શ્વનાથ પ્રભુને પ્રાર્થના કરીએ કે અમારો વર્તમાન તમારો ભૂતકાળ હતો પણ આપની આરાધના ભકિત દ્વારા આપ એવા આશીર્વચન વર્સાવો કે તમારો વર્તમાન અમારો ભવિષ્યકાળ થઈ જાય.

**– અતુલકુમાર વ્રજલાલ શાહ**

# અમરેલી જિલ્લામા હોમગાર્ડ સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી



ગુજરાત રાજયની વડી કચેરીના કમાન્ડીંગ ઓફ જર્નલના આદેશ મુજબ અમરેલી જિલ્લાના તમામ યુનિટ ખાતે હોમગાર્ડઝ સ્થાપના દિવસની પખવાડીક ઉજવણી કરતા હોમગાર્ડઝ જવાનો દરેક યુનિટ ખાતે પ્રભાત રેલી, મશાલ રેલી, સ્વચ્છતા અભિયાન, વ્યસન મુકિત અભિયાન, પર્યાવરણ બચાવો, વૃક્ષારોપણ સાથે મેદસ્વીતા દુર કરો હેલ્થ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવેલ. ૬ઠી ડિસેમ્બરના રોજ અમરેલી શહેર ખાતે તમામ હોમાગાર્ડજ જવાન ભાઈ/બહેનો તેમજ તમામ અધિકારીગણ માટે સિનિયર સિટિજન પાર્ક ખાતે રૂટ માર્ચ પરેડનું સુંદર આયોજન સાથે આ રૂટ માર્ચ પરેડને જિલ્લા કમાન્ડન્ટ રોહિત મહેતા, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. વાઘેલા તથા પૂર્વ કમાન્ડન્ટ કાપડિયા, જે.પી. પટેલ તથા તમામ યુનીટ અધિકારી ગણ સાથે ધ્વજ બતાવીને રૂટ માર્ચને પ્રસ્થાન કરાવેલ આ રેલીમાં રાષ્ટ્રપ્રેમી પેઈન્ટર ડી.જી. મહેતા (ભારત)ના બાઈક ફલોટે આકર્ષણ કરેલ હતું.

### પાલિકાનાં વેરા બાકીદારોમાં ફફડાટનો માહોલ

## સાવરકુંડલા : પાલિકા દ્વારા બાકીદારોની વસુલાત વેગવંતી : જુદી-જુદી ૬ ટીમની રચના કરાઈ

### બાકી વેરો ભરવામાં ન આવે તો પાણીનું કનેકશન રદ કરાશે

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા નગરપાલિકા ધ્વારાહવેકરવેશવસૂલાતનીસઘનકડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. આ અનૃસંધાને સરકાર અને ચીફ ઓફિસરની કડક સુચના મુજબ બાકી નીકળતા કરવેરાની વસુલાત સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકા પૂર્ણતયા એકશન મોડમા આવી કડક વસૂસાત અભિયાનશરૂ કર્યુછે.આ સંદર્ભે સાવરકુંડલા નગરપાલિકા કર્મચારીઓની છ ટીમ બનાવવામાં આવીછેઅનેઆટીમધ્વારાબાકીનીકળ તા કરવેરા સંદર્ભે વેરાધારકોને નોટિસ બજાવી કડક વસુલાત હાથધરવામાં આવી રહી છે. જરૂર જણાય તો નળ કનેકશનકાપીનાખવાનીકાર્યવાહીપણ કરવામાંઆવીરહીછે.ખાસનોંધનીય બાબતોતોએછેકે,આટીમોધ્વારાઘર



ઘર દુકાને દુકાને ડોર ટુ ડોર જઈને વેરા વસુલવાની ઉઘરાણી કાર્યવાહી હાથ ધરાઈ છે અને જરૂર જણાય તો હવે પછીના વેરા વસુલાતની ઝુંબેશને વધુ સખ્તાઈથી લાગુ કરવાનું પણ શરૂ કરવામાં આવશે. એવું નગરપાલિકા ધ્વારા જણાવવામાં આવેલ છે. એટલે વેરા વસુલાત માટે નગરપાલિકા ધ્વારા લેવામાં આવતા વેરાની વસુલાતના ભાગરૂપે બાકી વેરાધારકોના મિલકતને સીલ મારવાની કે જપ્તીની કડક કાર્યવાહી પણ તારીખ. ૨૦/૧૨/૨૦૨૫ બાદ શરૂ થવાની હોય વેરાધારકોએ વહેલી તકે નગરપાલિકા ધ્વારા લેવામાં આવતાં તમામપ્રકારનાવેરાસમયસરવહેલીતકે ચૂકવી દેવા જરૂરી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી જિલ્લામાં જુદા-જુદા વિસ્તારમાં**

સાયબર ફ્રોડની તમામ રકમ આર.ટી.જી.એસ., એન.ઈ.એફ.ટી., આઈ.એમ.પી.એસ.થી વીડ્રોલ તથા ટ્રાન્સફર કરી કરાવી સગેવગે કર્યા અંગેની લીલીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં બાબરા ગામે રહેતાં આરોપીએ પોતાના આર્થિક લાભ માટે સાયબર ક્રાઈમ ફ્રોડના રૂપીયા હોવાનું જાણવા છતા બાબરા તાલુકાના કરિયાણા ગામે રહેતાં આરોપી હિતેશભાઈ કાળુભાઈ મેર ને પોતાના બેંક એકાઉન્ટની વિગત પુરી પાડી સાયબર ક્રાઈમ ફ્રોડની રકમ આ ખાતામાં જમા કરાવી બંન્ને આરોપીએ એક સંપ થઈ આ સાયબર ક્રાઈમ ફ્રોડના રૂપીયા બેંક ખાતામાં સમયાંતરે વારંવાર આઈ.ટી.જી.એસ. તેમજ એન.ઈ.એફ.ટી. મારફતે મેળવી સેલ્ફ ચેકથી ઉપાડી રૂપિયા ૧૦,૦૯,૦૦ સગે વગે કરી પોતાના આર્થીક લાભ સારૂ એક બીજાની મદદગારી કરવાં અંગેની અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ચોથા બનાવમાં કુંકાવાવ તાલુકાના દેવગામ ગામે રહેતાં આશિષભાઈ મધુભાઈ દાફડાએ પોતાના આર્થિક લાભ માટે થઈને સાયબર ક્રાઈમ ફ્રોડના રૂપીયા હોવાનું જાણવા છતા પોતે પોતાના યશ બેંક એકાઉન્ટ નંબર. ૧૧૮૧૫૧૪૦૦૦૦૧૫૯૨ ની વિગત પુરી પાડી પોતાના બેંક એકાઉન્ટ ની ઓરીજનલ પાસ બુક તથા ચેક બુક તેમજ એ.ટી.એમ અને પોતાના નામનું મોબાઈલનું સિમ કાર્ડ જેના નંબર ૭૯૯૦૮૭૯૧૭૨ વાળુ સુરત રહેતાં આરોપી મયુરભાઈ ઉર્ફે સન્ની વસંતભાઈ સાંડીશને આપી તેમાં સાયબર ક્રાઈમ ફ્રોડની રકમ જમા કરાવી બંન્નેએ એક સંપ થઈ કાવતરૂ કરી આ સાયબર ક્રાઈમ ફ્રોડના રૂપીયા ૨,૫૦,૦૦૦ બેંક ખાતામાં યુપીઆઈ તેમજ આઈ.એમ.પી.એસ. મારફતે જમા કરાવી વિડ્રોલ કરી સગે વગે કરી પોતાના આર્થીક લાભ સારૂ એક બીજાએ મદદગારી અંગેની અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પાંચમાં બનાવમાં બાબરા તાલુકાના ખાખરીયા ગામે રહેતાં કૌશિક જયસુખભાઈ કટારીયાએ ગત તા. ૧૯/૭/૨૫ થી તા. ૨૫/૯/૨૫ના કોઈ પણ સમયે તેના એસબીઆઈ બાબરના એકાઉન્ટનં. ૪૪૨૮૧૩૪૩૮૫૭ ના ખાતા ધારકે સાયબર ફ્રોડ ના કુલ રૂપિયા ૧૮,૯૯,૦૦૦ એસબીઆઈ બેંક બાબરાના એકાઉન્ટમાંથી તથા બેંક ઓફ બરોડા બાબરાના એકાઉન્ટ નં. ૩૨૭૭૦૧૦૦૦૧૯૧૩૨માંથી સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૪૨,૦૦૦ સગેવગે કરવા સારૂ પોતાના નામનુ એસ.બી.આઈ બેંક બાબરાના એકાઉન્ટનો ઉપયોગ કરી આ ખાતામાં સાયબર ફ્રોડના રૂપીયા જમા થતા હોવાનું જાણવા છતા પોતાના આર્થીક ફાયદા સારૂ પોતાના નામથી ચાલતા એસ.બી.આઈ બેંક બાબરા તથા બેંક ઓફ બરોડાના ખાતામાં સાયબર ફ્રોડના રૂપીયા કુલ રૂપિયા ૧૯,૪૧,૦૦૦ આર.ટી.જી.એસ., એન.ઈ.એફ.ટી., આઈ.એમ.પી. એસ. થી સુધીમાં સાયબર ફ્રોડના રૂપીયા જમા કરાવી પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં મેળવી સદર ખાતામાથી સગેવગે કર્યાની બાબરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી LLB વિદ્યાર્થી સુજાન બોળાદરનું 'આપણી સરહદ ઓળખો' કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન



સાવરકુંડલા, તા. ૧૧

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત મહત્વાકાંક્ષી કાર્યક્રમ આપણી સરહદ ઓળખોનું કચ્છ અને બનાસકાંઠાની આંતરરાષ્ટ્રીય સરહદો પર સફળતાપૂર્વક સમાપન થયું છે. આ પ્રેરણાદાયી પ્રવાસમાં અમરેલી જિલ્લાના ખાંભા ગામમાં રહેતા અને તેજસ્વી યુવતી બોળાદર સુજાન અલારખભાઈએ પોતાની પ્રશંસનીય કામગીરીથી સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

સમગ્ર ગુજરાતના ૨૯ જિલ્લાઓમાંથી પસંદ કરાયેલા ૧૦૦ યુવક–યુવતીઓએ ૧૦ દિવસના આ પ્રવાસમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોને રાજયની સરહદી વિસ્તારોની ભૌગોલિક સ્થિતિ, સંરક્ષણ વ્યૂહરચના અને સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા વિશે પ્રત્યક્ષ જાગૃતિ આપીને રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રસેવાની ભાવનાને વધુ મજબૂત કરવાનો હતો.

શૈક્ષણિક સિધ્ધિ અને ઉત્સાહભેર યોગદાન એસ.ડી. કોટક લો કોલેજ, અમરેલી ખાતે એલએલબીનો અભ્યાસ કરી રહેલા સુજાન અલારખભાઈએ અગાઉ સાયકોલોજી વિષય સાથે બી.એ.ની ડિગ્રી પણ સફળ તાપૂર્વક પૂર્ણ કરેલી છે. શૈક્ષણિક ક્ષેત્રે તેમની બૌદ્ધિક ક્ષમતા કાર્યક્રમ દરમિયાન તેમની વ્યવસ્થિત અને સુંદર કામગીરીમાં જોવા મળી હતી. તેમણે તમામ જવાબદારીઓ ખૂબ જ સારી રીતે નિભાવીને કાર્યક્રમને સફળ પૂર્ણ કર્યો હતો. આ કાર્યક્રમની સમાપ્તિ વખતે, તેમની ઉત્કૃષ્ટ કામગીરી બદલ તેમને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ–કચેરી, ભુજ દ્વારા આયોજિત આ કાર્યક્રમ થકી શિબિરાર્થીઓએ કચ્છ અને બનાસકાંઠાના કુલ ૨૭ જેટલાં સ્થળોની મુલાકાત લીધી, જેમાં મુખ્યત્વે આંતરરાષ્ટ્રીય સરહદી વિસ્તારો જેવા કે ખરદોઈ પોસ્ટ બોર્ડર, જખે પોર્ટ અને નડાબેટ સીમા દર્શન તેમજ ઐતિહાસિક સ્થળો જેવા કે ધોળાવીરા, ધોરડો સફેદ રણ અને લખપત ફોર્ટનો સમાવેશ થાય છે.

યુવાનોને સરહદ પર ફરજ બજાવતા વીર જવાનોના જીવન–કાર્યો અને બલિદાન તેમજ કચ્છી સંસ્કૃતિની સમૃધ્ધ લોકકલા, સંગીત અને હસ્તકલાનો પ્રત્યક્ષ અનુભવ મળ્યો, જેનાથી યુવાનોમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ બની. અમરેલીજિલ્લાના ખાંભાના બોળાદર સુજાન અલારખભાઈએ આ રાષ્ટ્રભાવના સાથે જોડાયેલા કાર્યક્રમમાં સક્રિયતા અને ઉત્કૃષ્ટતા બતાવીને જિલ્લાના અન્ય યુવાનો માટે એક પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂં પાડયું છે તેમની આ સિધ્ધિ બદલ તેમના ઉજજવળ ભવિષ્ય અને રાષ્ટ્ર–સમાજની સેવામાં તેમના સતત યોગદાન માટે સમાજ અગ્રણીઓ શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

### લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૪૯ | ૧૫૩૧ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૯૨૬ | ૧૫૩૧ |
| ૩ | સોયાબીન | ૭૮૫ | ૮૭૫ |

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૨૮૦ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૭૫ | ૧૩૩૧ |
| ૩ | શિંગ મોટી | ૮૫૦ | ૧૪૧૨ |
| ૪ | શિંગદાણા | ૧૦૫૬ | ૧૩૭૦ |
| ૫ | તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૯૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૫૩૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૯૧૫ | ૨૪૫૦ |
| ૮ | બાજરો | ૩૯૦ | ૫૩૦ |
| ૯ | જુવાર | ૫૪૦ | ૧૧૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૫૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૯ | ૫૭૧ |
| ૧૨ | અડદ | ૬૪૦ | ૧૫૦૫ |
| ૧૩ | ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| ૧૪ | સફેદ ચણા | ૭૮૦ | ૧૦૯૮ |
| ૧૫ | કપાસ | ૮૫૦ | ૧૫૮૫ |
| ૧૬ | એરંડા | ૧૧૦૦ | ૧૩૧૨ |
| ૧૭ | જીરૂ | ૨૦૬૦ | ૩૮૬૦ |
| ૧૮ | ધાણા | ૧૨૦૦ | ૧૮૬૫ |
| ૧૯ | અજમા | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૨૦ | મેથી | ૮૦૦ | ૯૭૦ |
| ૨૧ | સોયાબીન | ૬૦૦ | ૮૪૬ |
| ૨૨ | રજકાનું બી | ૩૯૭૫ | ૧૦૧૧૦ |
| ૨૩ | મરચા લાંબા | ૭૮૦ | ૩૪૧૦ |
| ૨૪ | કાંગ | ૫૧૫ | ૫૧૫ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૫૪૧ |
| ૨ | મગફળી | ૧૦૨૦ | ૧૨૭૦ |
| ૩ | ચણા | ૮૦૦ | ૮૦૦ |
| ૪ | મેથી | ૮૪૫ | ૮૪૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૫૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૨૧ | ૧૩૭૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૧૦૦ |
| ૪ | તલ કાળા | ૩૫૦૦ | ૪૦૪૦ |
| ૫ | જીરૂ | ૩૫૫૦ | ૩૯૫૦ |
| ૬ | કપાસ | ૧૧૦૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૯૫ |
| ૯ | બાજરો | ૩૬૧ | ૬૨૧ |
| ૧૦ | જુવાર | ૧૦૩૪ | ૧૦૭૧ |
| ૧૧ | અડદ | ૬૫૦ | ૧૨૦૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૧૦૧૭ |
| ૧૩ | એરંડી | ૮૦૧ | ૧૨૯૨ |
| ૧૪ | મેથી | ૯૦૦ | – |
| ૧૫ | ધાણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૬ | સોયાબીન | ૭૬૫ | ૮૩૫ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૦૧ | ૧૫૦૦ |
| ૨ | કપાસ કોડી | ૧૦૪૬ | ૧૧૮૬ |
| ૩ | મગફળી | ૮૩૫ | ૧૧૫૫ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૨૫ |
| ૫ | ચણા | ૯૪૦ | ૧૦૫૧ |
| ૬ | અડદ | ૭૫૦ | ૧૧૨૫ |
| ૭ | ધાણા | ૧૪૨૫ | ૧૫૫૦ |
| ૮ | એરંડા | ૧૧૬૦ | ૧૧૯૫ |
| ૯ | બાજરો | ૩૬૯ | ૪૧૫ |
| ૧૦ | સોયાબીન | ૭૨૫ | ૮૩૪ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૨૧ |
| ૪ | અડદ | ૭૨૦ | ૧૦૧૦ |
| ૫ | ચણા | ૭૬૫ | ૧૦૪૦ |
| ૬ | ધાણા | ૧૩૦૦ | ૧૮૦૦ |
| ૭ | તુવેર | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૮ | ચણા સફેદ | ૯૮૦ | ૧૦૧૬ |
| ૯ | રાય | ૧૪૦૫ | ૧૮૦૦ |
| ૧૦ | સોયાબીન | ૭૦૦ | ૮૫૧ |
| ૧૧ | લસણ | ૪૦૦ | ૬૬૫ |
| ૧૨ | મગફળી | ૭૯૦ | ૧૦૮૦ |
| ૧૩ | જુવાર | ૪૫૦ | ૫૦૦ |
| ૧૪ | શીંગફાડા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૫ | તલ | ૧૬૦૦ | ૧૭૩૫ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૩૦ | ૧૫૬૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૪૦ | ૧૨૩૦ |
| ૩ | મગફળી | ૧૦૧૫ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૧૭૨૦ | ૨૦૬૦ |
| ૫ | તલ કાળા | ૩૩૩૦ | ૪૨૯૦ |
| ૬ | જીરૂ | ૩૩૬૦ | ૩૯૧૦ |
| ૭ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૮ | ચણા | ૯૮૫ | ૧૦૫૫ |
| ૯ | અડદ | ૯૧૦ | ૧૨૨૦ |
| ૧૦ | સોયાબીન | ૮૧૨ | ૮૫૮ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૧ | ૧૪૦૧ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૨૫૦ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૧ |
| ૪ | બાજરો | ૩૭૧ | ૫૬૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૫૪ |
| ૬ | જુવાર | ૭૫૦ | ૧૦૬૧ |
| ૭ | મગ | ૧૭૫૨ | ૧૭૫૨ |
| ૮ | અડદ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૯ | ચણા | ૭૫૨ | ૯૩૨ |
| ૧૦ | સોયાબીન | ૫૭૧ | ૮૦૧ |

# બાબરામાં સરકારી કોલેજના બાંધકામનું પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર સહિતના ભાજપના અગ્રણીઓ દ્વારા નિરીક્ષણ




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં રાજય સરકાર દ્વારા રૂ ૧૪ કરોડના ખર્ચે સરકારી કોલેજની બિલ્ડીંગ બનાવવામાં આવી રહી છે અહીં સરકારી કમળશી હાઈસ્કૂલમાં આ સરકારી કોલેજની નવી બીલડીગ બની રહી છે ત્રણ માળની આધુનિક સુવિધા ઉપલબ્ધ સાથે ભવ્ય આકાર પામશે શહેર અને તાલુકાના વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે એક સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, કારોબારી સમિતિના ચેરમેન અનિભાઈ મકવાણા, શહેર યુવા ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, તાલુકા ભાજપના અગ્રણી અજિતભાઈ ખોખરીયા, મુકેશભાઈ પીપળવા સહિતના સ્થાનિક ભાજપના અગ્રણીઓ દ્વારા કોલેજમાંના બાંધકામનું નિરીક્ષણ કરી જરૂરી માહિતી મેળવી અને કોન્ટ્રાકટરને કામગીરીના કોઈ કચાસ નહી રાખવા તાકીદ કરી હતી. આ તકે કોલેજના અચાર્ય મેહુલભાઈ પંડયા સાથે રહ્યા હતા અને ભાજપના અગ્રણીઓને કોલેજની બિલ્ડીંગ વિશે જરૂરી માહિતી આપી હતી. પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર દ્વારા જણાવ્યું હતું કે બાબરામાં વર્ષોબાદ કોલેજની આધુનિક બિલ્ડીંગ રાજય સરકાર દ્વારા રૂ ૧૪ કરોડના ખર્ચે બનાવવા આવી રહી છે તમામ સુવિધા સાથે બાબરાને એક સારી સરકારી કોલેજ બીલડીગ બની રહી છે ત્યારે તેના બાંધકામ બાબતે નિરીક્ષણ કર્યું સ્થાનિક મજૂરો તેમજ કોન્ટ્રાકટર અને કાલેજના અચાર્ય સાથે વાર્તાલાપ કરી કોલેજનું બાંધકામ સારૂ બને અવાનાર અનેક વર્ષો સુધી કોલેજ ટકી રહે તે પ્રકારનું કામકાજ થઈ રહ્યું છે ને થવું પણ જોઈએ તેના માટે દરેક બાબતનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આપણે સૌ બાબરામાં ઉચ્ચ શિક્ષણની અવ્યવસ્થાના કારણે અમરેલી કે રાજકોટ જતા હતા ઉચ્ચ અભ્યાસ માટે પણ રાજય સરકાર સરકારી કોલેજની મંજૂર કરતા ઉચ્ચ અભ્યાસ તો શરૂ થઈ ગયો પણ કોલેજની બિલ્ડીંગ નહિ હોવાથી પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ ને એડમિશન તેમજ સુવિધા ઉપલબ્ધ થતી નોહતી ત્યારે રાજય સરકાર દ્વારા અહીં સરકારી કમળશી હાઈસ્કૂલમાં ભવ્ય બિલ્ડીંગ રૂ ૧૪ કરોડનું બજેટ ફાળવણી કરતા તેનું ભૂમિપૂજન ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા કરી ત્વરિત કામ શરૂ કર્યુ હતું આગામી અમુક મહિનાઓમાં કોલેજનું કામ પુર્ણ થતા તાલુકાના વિદ્યાર્થીઓને એક અત્યંત સુવિધા સાથેની સરકારી કોલેજ મળશે તેનો વ્યકિતગત પાલિકા પ્રમુખ દ્વારા આનંદ વ્યકત કરી બાબરાને સરકાર કોલેજની બિલ્ડીંગ મળે તે માટે બાબરા શહેર અને તાલુકાના તમામ જિલ્લાના ભાજપના અગ્રણીઓ સાથે સંપર્કમાં રહી એક સામુહિક પ્રયાસ થકી શહેરીજનોને ઉત્તમ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે તેવું અંતમાં તેઓએ જણાવ્યું હતું.

# સોપારીની સારી ગુણવત્તા અને વધતી માંગે ઉંચકયા ભાવ

## ૧૦ વર્ષમાં ૭૦ રૂપિયાથી સીધા ૮૦૦ રૂપિયા સુધીનો ઝંપ



અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા શહેર તથા ગ્રામિણ વિસ્તારોમાં સોપારીના વેપારમાં છેલ્લા કેટલાક વર્ષોથી નોંધપાત્ર પરિવર્તન જોયુંછે. ખાસ કરીને ભાવમાં થયેલો આકસ્મિક વધારો ગ્રામિણ ગ્રાહકો અને વેપારીઓ બન્ને માટે મહત્વનો મુદ્દો બની ગયો છે. સાવરકુંડલામાં સોપારીનો વ્યવસાય કરતા ધર્મેશ તૈરૈયા છેલ્લા આઠ વર્ષથી સીધા ગ્રાહકો સુધી સોપારી પહોંચાડવાનો ધંધો કરી રહ્યા છે. ૩૬ વર્ષીય વેપારીએ ગ્રેજયુએશન સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વેપાર ક્ષેત્રમાં આવ્યા હતા અને આજે શહેર તથા ગામડાઓમાં સારી ગુણવત્તાની સોપારીના વિસનીય સપ્લાયર તરીકે ઓળખાય છે.તેઓ મુજબ સોપારીના ભાવમાં સતત વૃદ્ધિનું મુખ્ય કારણ લોકોમાં વધતી માંગ છે. "છેલ્લા દસ વર્ષમાં સોપારીના ભાવમાં અદ્દભૂત ઉછાળો આવ્યો છે. જે સોપારી ૭૦ રૂપિયામાં મળતી હતી તે આજે ૮૦૦ રૂપિયાનું મૂલ્ય ધરાવે છે. માત્ર એક વર્ષમાં ભાવ ૪૦૦થી સીધા ૮૦૦ રૂપિયા સુધી પહોંચ્યો છે. લોકો હવે સસ્તી કરતાં સારી કવોલિટીની સોપારી વધુ ખરીદે છે" તેમ તેઓ જણાવે છે.સારી કવોલિટીની સોપારી ખાવાની ટેવ હવે ગ્રામિણ વિસ્તારોમાં પણ વધી રહી છે, જેના કારણે માંગમાં સતત વધારો થાય છે. ધર્મેશભાઈ જણાવે છે કે તેમની પાસે ૪૦૦ રૂપિયાથી ૧૨૦૦ રૂપિયા સુધીની વિવિધ ગુણવત્તાની સોપારી ઉપલબ્ધ રહે છે. તેમના વેપારમાં રોજના અંદાજે ૧૫૦ કિલોગ્રામ જેટલું વેચાણ થાય છે. શહેર ઉપરાંત તેઓ વ્યકિતગત રીતે ગામડાઓ સુધી જઈને વેચાણ કરે છે, જયાં ખાસ કરીને મોંઘી અને સારી ગુણવત્તાની સોપારીને પ્રાધાન્ય આપવામાં આવે છે.ભાવમાં આ વધારાનું બીજુ કારણ પુરવઠા કરતા વધુ માંગ હોવાનું પણ ધર્મેશભાઈ સ્પષ્ટ કરે છે. "લોકો સારી વસ્તુ જ પસંદ કરે છે, અને તેની માંગ વધે છે તો ભાવ વધવો સ્વાભાવિક છે. બજારમાં પ્રીમિયમ સોપારીની માંગ છેલ્લા ચાર–પાંચ વર્ષમાં ખૂબ વધી છે" તેમ તેઓ ઉમેરે છે સોપારીના વધતા ભાવોનો પ્રભાવ હવે અન્ય વસ્તુઓ પર પણ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને મસાલા બજારમાં તેનો સીધો પ્રભાવ પડશે. સોપારી મિક્ષીંગમાં ઉપયોગ થતાં મસાલા, ચીકટી, સુપારી મસાલો વગેરેના ભાવોમાં પણ આવનારા સમયમાં વધારો થવાની શકયતા છે. હાલ અમરેલીમાં ૩૦ રૂપિયા સુધીના મસાલા ઉપલબ્ધ છે, પરંતુ કાચા માલની કિંમતો વધવાથી ભાવો વધુ ચઢે તે નક્કી છે.ગ્રાહકો માટે રોજિંદા જીવનની આ આવશ્યક વસ્તુઓ મોંઘી થવાથી ખર્ચમાં વધારો થવો અનિવાર્ય છે. વેપારીઓ કહે છે કે જો માંગ આ જ રીતે વધતી રહે અને પુરવઠો ઓછો હોય તો ભાવો વધુ ઉંચે જઈ શકે છે.અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં સોપારી બજારનું આ બદલાતું પરિપ્રેક્ષ્ય ખેડૂતો, સપ્લાયરો, વેપારીઓ અને ગ્રાહકો માટે ચર્ચાનો મુદ્દો બની ગયો છે. મોંઘવારીના આ જમાનામાં સોપારી પણ હવે સામાન્યથી પ્રીમિયમ પ્રોડકટ તરફ આગળ વધી રહી છે, અને તેનો પ્રભાવ સમગ્ર મસાલા બજારમાં પણ જોવા મળશે એવું ધર્મેશભાઈનો સીધો મત છે.

## શાખાનાં પુષ્પો

**રજુઆત શ્રી અર્જુન ગઢિયા, અમરેલી**

યુધિષ્ઠિર હસ્તિનાપુરની ગાદી પર બિરાજેલા હતા અને પાંડવો રાજકીય મંત્રણામાં મશગૂલ હતા. તે વખતે એક વિપ્ર યાચક બનીને આવ્યો. યુધિષ્ઠિરે કહ્યું, 'આજે અમે મહત્વના કામોમાં છીએ, તમે કાલે આવજો. આ સાંભળી ભીમસેન ઊભા થઈ જોરજોરથી દાંડી પીટવા લાગ્યો. લોકો એકઠા થઈ ગયા એટલે તેણે કહ્યું, 'ભાઈઓ ! આજે હું ખૂબ ખુશ છું. મહારાજે કાળને જીતી લીધો છે. એને યાચકને આવતીકાલે આવવા કહ્યું છે. તેઓ ખરેખર કાલજિત છે.યુધિષ્ઠિરને સત્ય સમજાયું અને વિપ્રને ઊભા રાખી કહ્યું, 'તમે આજે જ દાન લઈ જાઓ. આવતીકાલની કોને ખબર છે કે જીવતા રહીશું કે મરી જઈશું. મેં તમને કાલ આવવાનું કહ્યું એ મારી ભૂલ હતી.

**સોડમ :** ભવિષ્યની કોઈને ખબર હોતી નથી માટે કોઈ પણ કામ કાલ માટે રાખવાના બદલે દરેક ક્ષણનો યોગ્ય ઉપયોગ કરવો જોઈએ.

### ત્રિદિવસીય ૮માં પાટોત્સવની ઉજવણી કરાશે

# ચલાલાનાં ત્રિવેણી માનવ મંદિરમાં છેલ્લા ૮ વર્ષથી અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ

### ધર્મપ્રવચન, આરતી, મહાપ્રસાદ સહિતનુ અનેક આયોજન




ચલાલા, તા.૧૧

ચલાલામાં મંજુ દીદીના માર્ગદર્શન નીચે ત્રિવેણી સંગમ માનવ મંદિરમા છેલ્લા આઠ વર્ષથી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સહજતાથી ચાલી રહી છે. જેમા જરૂરીયાત મંદ બાળકોને વિનામૂલ્ય ભોજન સાથે ટ્યુશન કલાસ જરૂરિયાત મંદ લોકોને રાશનકિટ જરૂરીયાત મંદ લોકોને આરોગ્ય, શિક્ષણ સહિતની સેવાઓ પૂરી પાડવામાં આવી રહીછે તેમજ દરેક ધાર્મિક પ્રસંગોની ભવ્યથી ભવ્ય ઉજવણી સહિત અનેકવિધ માનવ કલ્યાણની પ્રવૃતિ ચાલી રહી છે વખતોવખત વિનામૂલ્યે મેડિકલ કેમ્પો દવા વિતરણ સહિતના થઈ રહ્યા છે..આવી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે આજે તા,૧૨,૧૨,શુક્રવાર થી સુવિખ્યાત કથાકાર રામાયણી આદરણીય રમાબેન હરીયાણીના સાનિધ્યમાં ત્રીદિવસીય ત્રિવેણી સંગમ માનવ મંદિરનો આઠમો પાટોત્સવની ઉજવણીમા ત્રણેય દિવસ સાંજના ૪ થી ૬,૩૦ સુધી આદરણીય રમાબેન હરિયાણીના મુખેથી રામચરિત માનસનુ પંચમ સોપાન, સુંદરકાંડ ઉપર પ્રવચન કરવામા આવ છે. ત્રણેય દિવસ ભાવિક ભકતજનો માટે સાંજના ભોજન મહા પ્રસાદનુ ભવ્ય આયોજન કરેલ છે. બાળકોનો વીશીષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામા આવેલ છે. આ ત્રિદિવસીયના તમામ કાર્યક્રમોમાં તમામ ભાવિક ભકતજનોને અમૂલ્ય લાભ લેવા મંજુદિદિ અને ત્રિવેણી સંગમ માનવ મંદિર પરિવાર તરફથી જાહેર નિમંત્રણ પાઠવવા આવેલ છે. આ ત્રિદિવસીય પાટોત્સવના તમામ કાર્યક્રમોને સફળ બનાવવા માટે પુજય રમાબહેન હરિયાણીના સાનિધ્યમા અને મંજુ દિદિના માર્ગદર્શન નીચે જયસુખભાઈ ચૌહાણ, હાર્દિકભાઈ ગેડીયા, પરેશભાઈ ચૌહાણ સહિત ત્રિવેણી સંગમ માનવ મંદિર પરિવારના તમામ ભાઈઓ, બહેનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

## વોર્ડોની રચના, સીમાંકન, બેઠક ફાળવણીનો આદેશ

# ધારીની નવરચિત નગરપાલિકામાં વર્ષ ૨૦૧૧ મુજબ વસ્તી ૩૦,૩૫૨ની છે

### ૭ વોર્ડની ૨૮ બેઠકો નક્કી કરવામાં આવી

અમરેલી, તા. ૧૧

રાજય ચૂંટણી આયોગે એક આખરી આદેશ દ્વારા નવરચિત ધારી નગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન તથા બેઠકની ફાળવણી કરી છે. રાજય ચૂંટણી આયોગ દ્વારા નિયમોનુસાર વસ્તી વગેરેના માપદંડોને ધ્યાને રાખીને તારી નગરપાલિકા માટે ૭ વોર્ડની રચના કરવામાં આવી છે.

અગાઉ રાજય ચૂંટણી આયોગ દ્વારા ધારી નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડના સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ જારી કરવામાં આવ્યો હતો. તેના આધારે આયોગને મળેલા સૂચનો આયોગે વિચારણામાં લીધા છે અને મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯–૪ના નિયમ–૮ની જોગવાઈ હેઠળ આયોગે માન્ય રાજકીય પક્ષો સાથે ગત તા. ૨૯/૧૦/૨૦૨૫ના રોજ પરામર્શ કર્યો હતો.

આ આખરી આદેશ મુજબ ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયું છે. જે પૈકી ૧ બેઠક સ્ત્રી અનામત રાખવામાં આવી છે. પછાત વર્ગો માટે ૮ બેઠકો અનામત રાખવામાં આવી છે, એ પૈકી ૪ બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયું છે.

આમ, નવરચિત ધારી નગરપાલિકા માટે ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૩૦,૩૫૨ની વસ્તી છે, જેમાં કુલ ૭ વોર્ડની કુલ ૨૮ બેઠકો રહેશે.જે પૈકી કુલ ૧૯ બેઠકો અનામત રહેશે અને ૯ સામાન્ય રહેશે. ૧૪ બેઠકો અનુસૂચિત જાતિ અને પછાતવર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિતની બેઠકો રહેશે. નવરચિત ધારી નગરપાલિકાના વોર્ડોની રચના, સીમાંકન તથા બેઠકની ફાળવણીનો વિગતવાર આદેશ ધારી નગરપાલિકાના કચેરીના નોટિસ બોર્ડ પર જોઈ શકાશે.

### સામાજીક કાર્યક્રતાઓ પ્રધાનમંત્રીને પત્ર પાઠવ્યો

# અનુ. જાતિનાં વિદ્યાર્થીઓ માટેની ફ્રીશીપ કાર્ડની આવક મર્યાદા ૮ લાખ કરવા માંગ

### અનુ.જાતિના વિદ્યાર્થીઓ સાથે ભેદભાવ દુર કરવો જરૂરી

અમરેલી, તા. ૧૧


સામાજીક કાર્યક્રમાં કાંતિલાલ પરમારે પ્રધાનમંત્રીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, રાજયમાં અનુસૂચિત જાતિના લાખો વિદ્યાર્થીઓ ધોરણ ૧૨ પછી રાજયની અલગ અલગ કોલેજોમા ઉચ્ચ અભ્યાસ માટે રાજય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ચલાવવામાં આવતી ફ્રિ શિપ કાર્ડ યોજનાનો લાભ મેળવી લાખો રૂપિયાની કોલેજની મોંઘી ફી માફીનો લાભ મેળવે છે. જે સરકાર ભરે છે. ખુબ જ સારી અને અનુસૂચિત જાતિના લોકો માટે આશીર્વાદ સમાન યોજના છે.આ યોજનામાં રાજય સરકારના સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ફ્રિ શિપ કાર્ડ મેળવવા માટે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે હાલ ૨.૫ લાખની આવક રાખેલ છે. જેનાથી હજારો વિદ્યાર્થીઓ લાભ મેળવવાથી વંચિત રહી જાય છે.જે આવક મર્યાદા વધારવી જરૂરી છે.

ઓબીસીના વિદ્યાર્થીઓ માટે તમામ યોજનાઓમાં રૂા. ૮(આઠ) લાખની આવક મર્યાદા નક્કી કરી હોય તો અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ સાથે આવો ભેદભાવ કેમ રાખવામાં આવે છે. તે સમજથી બહાર છે.અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ સાથે થતો ભેદભાવ દૂર કરવામાં આવે અને ફ્રિશિપ કાર્ડમાં આવક મર્યાદા તાત્કાલિક વધારવામાં આવે.

રાજયમાં રૂા. ૮(આઠ) લાખની આવક મર્યાદામાં આવતા તમામ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આ ફ્રિશિપ કાર્ડ યોજનાનો લાભ મળે તે માટે અને મેનેજમેન્ટ કવોટા હેઠળ એડમિશન લીધેલ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળે તે મળે તે માટે તાત્કાલિક વિના વિલંબે કેન્દ્ર/રાજય સરકાર નિર્ણય લઈ નવો પરિપત્ર કરવા જરૂરી છે.

રાજયમાં હાલ ધોરણ ૧૨ અને ધોરણ ૧૦ ના લાખો વિદ્યાર્થઓ જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને આવક મર્યાદાના લીધે તેમજ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં મેનેજમેન્ટ કવોટામાં એડમિશન લીધેલ વિદ્યાર્થીઓને સ્કોલરશીપની આ યોજનાનો લાભ લેવાથી વંચિત રહી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. તેમ અંતમાં જણાવેલ છે.

# સાવરકુંડલા : જે.વી. મોદી હાઈસ્કૂલની સફળતા




સાવરકુંડલા, તા. ૧૧

યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગરના ઉપક્રમે જિલ્લા વહીવટી તંત્ર અને રમત ગમત અધિકારીની કચેરી અમરેલીની રાહબરી હેઠળ તા.૭/૧૨/૨૦૨૫ના રોજ અમરેલી ખાતે યોજાયેલ સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના કલા મહાકુંભમાં સંગીત ગાયન સ્પર્ધા અંતર્ગત સુગમ સંગીતમાં શાળાનો વિદ્યાર્થી ચૌહાણ શાહનવાઝ શબ્બીરભાઈ દ્રિતીય નંબર ઉપર વિજેતા બની આગામી દિવસોમાં રાજયકક્ષાએ યોજાનાર સ્પર્ધા ભાગ લેવા જશે. સંગીત સહાયક તરીકે ચોપડા રાહુલ અને વેગડ કુલદીપે ભૂમિકા ભજવી હતી.

આ ઉપરાંત શાળાના માનદ શિક્ષિકા અલ્પાબેન રાવલે કાવ્યલેખન સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા બની પ્રદેશ કક્ષાએ ભાગ લીધો હતો. તેવી જ રીતે હાલમાં ચાલી રહેલા સાંસદ ખેલ મહોત્સવમાં શાળાના વિદ્યાર્થી બગડા તરૂણ અને કાછડીયા યુગે ચેસ રમત સ્પર્ધામાં અનુક્રમે પ્રથમ અને દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.

વિજેતા બનેલ તમામ વિદ્યાર્થીઓને અને સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાને તથા અલ્પાબેન રાવલને સંસ્થાના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા અને મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચાએ અભિનંદન અને ભવિષ્ય માટે

# દામનગર ખાતે સમસ્ત સફાઈ કામદાર યુનિયન દ્વારા રેલી યોજાઈ




દામનગર શહેરમાં સમસ્ત સફાઈ કામદાર યુનિયન દ્વારા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ બારૈયા અને સંજયભાઈ બારૈયાના નેતૃત્વમાં અધિકાર યાત્રા યોજાય સફાઈ કામદારોનું શોષણ બંધ કરો નહિતર ખુરશી ખાલી કરોના નારા સાથે વાલ્મિકી વસાહતમાંથી વિશાળ રેલી શહેરના મુખ્ય રાજ માર્ગો ઉપર સુત્રોચાર પોસ્ટર બેનર સાથે ધ્યાનાકર્ષક રીતે યોજાય સરકારના પરિપત્ર મુજબ વેતન ચૂકવો સહિતની બુલંદ માંગ સાથે દામનગર નગર પાલિકા કચેરી ખાતે પહોંચી ચીફ ઓફિસર વી જે ડેર અને પાલિકા પમુખ ગોબરભાઈ નારોલાને આવેદન પત્ર પાઠવ્યું હતું છેલ્લા ઘણા સમયથી મામુલી વેતન ચુકવણીથી સફાઈ કર્મીઓ પાસે જોખમી સહિત પડકાર જનક કામો કરાવાય રહ્યા હોવા ઉપરાંત સત્તાધીશોની મનમાનીથી પક્ષપાતી રીતે રોજમદારો લેવાતા હોવાની ફરિયાદ ઉઠી રહી છે ત્યારે આજે સમસ્ત ગુજરાત સફાઈ કામદાર યુનિયનના નેતૃત્વમાં અધિકાર યાત્રા યોજી પાલિકા તંત્રને આવેદન પત્ર પાઠવી સરકારના લેટેસ્ટ પરિપત્ર મુજબ વેતન ચુકવણી કરોની બુલંદ માંગ સાથે પાલિકા કચેરી એ અધિકાર યાત્રા પહોંચી સત્તાવાર લેખિત રજુઆત કરતું આવેદન પત્ર પાઠવી ચીફ ઓફિસર સાથે પરામર્શ કરી ત્વરિત અમલ કરવા માંગ કરી હતી હમારી માંગે પુરી કરો શોષણ વૃત્તિ બંધ કરો ના નારા લગાવતા સફાઈ કર્મચારીઓની યોગ્ય માંગ અંગે તંત્રનો હકારાત્મક અભિગમ જોવા મળ્યો હતો.

રાજ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલના મગજ, મણકા તથા કરોડરજ્જુના સુપર સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર-અમરેલીમાં તારીખ : ૧૨/૧૨/૨૦૨૫ શુક્રવાર
સમય : સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
મગજની તકલીફો
અકસ્માત / ઈજા • મગજની ગાંઠ / સતત માથામાં દુઃખાવો • હેમરેજ • મગજમાં પાણી ભરાવું • એપિલેપ્સીની સારવાર • ટ્રાઈજેમીનલ ન્યુરાલજીયા (ચહેરા પર કરંટ જેવા ઝટકા આવવા) • ચહેરાનો એક બાજુનો ભાગ ખેંચાવો (હેમિફેશિયલ સ્પાસમ HFS )
કરોડરજ્જુની તકલીફો
કમરમાં દુઃખાવો • ગરદનમાં દુઃખાવો • મણકાની ઈજાઓ • ગાદીમાં ઘસારો • સાયટીકાની તકલીફ
(ગોળ હોસ્પિટલ)
24/7 Emergency Services
ડો.પુનિત આર. ત્રિવેદી
ન્યુરો & સ્પાઈન સર્જન
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 9099555747

## શહેરની તમામ સ્ટ્રીટલાઈટ શરૂ રહે તેવું આયોજન કરવું જરૂરી

# અમરેલી શહેરમાં બંધ સ્ટ્રીટલાઈટનો પ્રશ્ન માથાના દુઃખાવારૂપ

**એક સાંધે ને તેર તૂટે કહેવતની જેમ એક બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થાય તો તેર સ્ટ્રીટલાઈટ બંધ થાય**

**શહેરનાં હાર્દસમાં સરદાર સર્કલમાં પણ રાત્રિનાં સમયે અંધકાર છવાઈ જાય**

**ટેકનોલોજીનાં યુગમાં કોઈ સ્ટ્રીટલાઈટ બંધ થાય તો તુરત રોશની વિભાગને જાણ થઈ શકે તેમ છે**

**જો કે પાલિકાની રોશની શાખામાં સાધનો અને સ્ટાફની પણ અછત જોવા મળે છે**

અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરમાં લગભગ ક્યારેય તમામ સ્ટ્રીટલાઈટ શરૂ હોય તેવી ઘટના બની જ નથી. કારણ કે એક સાંધે તો તેર તૂટે કહેવતની જેમ એક બંધ સ્ટ્રીટલાઈટ શરૂ થાય તો અન્ય અનેક સ્ટ્રીટલાઈટ બંધ થતી જોવા મળી રહી છે.

શહેરનાં હાર્દસમાં સરદાર સર્કલનો હાઈ વોલ્ટેજ ટાવર નવું સર્કલ બનવાથી દૂર કરાયા બાદ પૂનઃ તે ન લગાવાતા રાત્રિનાં સમયે મહત્વનાં ચોકમાં અંધારપટ્ટ છવાઈ જાય છે. તો ત્યાંથી આગળ જતાં ચિતલ રોડ ઉપર એસ.પી. કચેરી સામેની અનેક લાઈટ બંધ જોવા મળી રહી છે.

તદુઉપરાંત, લાઠી રોડ, બાયપાસ માર્ગ સહિતનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારો ઉપરાંત રહેણાંક ગલીઓમાં અનેક સ્ટ્રીટલાઈટ બંધ જોવા મળી રહી છે. જો કે પાલિકાની રોશની શાખામાં સાધનો અને સ્ટાફની કમી પણ જવાબદાર છે. આજનાં ટેકનોલોજી યુગમાં બંધ સ્ટ્રીટલાઈટ અંગે પાલિકાની રોશની શાખાને જાણકારી મળી શકે તેમ છે. પાલિકાનાં શાસકોએ શહેરની તમામ સ્ટ્રીટલાઈટ હંમેશા શરૂ રહે તેવું કોઈ નક્કર આયોજન કરવું જરૂરી બન્યું છે.

### ચા બનાવવા ગયા અને ભડકો થયો

## બાબરાનાં વાવડા ગામે ગેસના બાટલો લીકેજ થતાં મહિલા દાઝી ગઈ

**રહેણાંક મકાનનાં બારી–બારણા પણ નુકસાનગ્રસ્ત થયા**

અમરેલી, તા. ૧૧

બાબરા તાલુકાના વાવડા ગામે રહેતાં મધુભાઈ ભવાનભાઈ ખીમાણીના નાનાભાઈ હીંતમભાઈના ઘરે રસોડામાં ઈન્ડીયનકંપનીનો ગેસનો બાટલો હોય અને આ ગેસના બાટલામાંથી ગેસના સ્ટવથી રસોઈ બનાવવામાં ઉપયોગ કરતા હોય અને તા.૯ ના રાત્રી દરમ્યાન આ ગેસના સ્ટવ કે, તેની પાઈપમાંથી કોઈ કારણોસર ગેસનું લીકેજ થયેલ હોય અને તા.૧૦ના સવારના આશરે છ વાગ્યે ભોગ બનનાર શોભાબેન હીંમતભાઈ ખીમાણી ચા બનાવવા માટે રસોડામાં ગેસ ચાલુ કરી ચા બનાવવા



માટે ગેસનો ચુલો શરૂ કરવાં જતાં લીકેઝ ગેસ સાથે સંપર્કમાં આવતા આગ લાગતા મોટો બ્લાસ્ટ થતા રસોડામાં રહેલ ભોગ બનનાર શોભાબેન શરીરે દાઝી જતા સારવારમાં ખસેડાયેલ છે તેમજ ઘરનાં રસોડાના બારી–બારણા તુટી જવાં પામ્યાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### અમરેલીની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલી જતા

## લાઠીનાં નારાયણનગરનાં અપહરણનાં આરોપીને ૨૦ વર્ષની સખ્ત કેદ અને ૧૫ હજારના દંડની સજા

**સરકારી વકીલની દલીલોનાં આધારે તરૂણીને ન્યાય મળ્યો**

અમરેલી, તા. ૧૧

લાઠી તાલુકાના નારાયણ નગર ગામે ચામુંડાનગર વિસ્તારમાં રહેતાં આરોપી વિપુલભાઈ ઉર્ફે ગડુ રતીલાલ મકવાણા નામના આરોપીએ ગત તા. ૧૦/૧/૨૪ ના રોજ સવાર પોણા આઠથી સાંજના આશરે છ વાગ્યા દરમ્યાન એક ૧૫ વર્ષ ૯ માસની તરૂણીને લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી લઈ ગયા અંગેની પોલીસ ફરિયાદ જે તે સમયે પોલીસમાં નોંધાયેલ હતી.

આ અંગેનો કેસ અમરેલીના સ્પેશ્યલ જજ (પોકસો) અને ચોથા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સ્પે.જજ દ્વારા સરકારી વકીલ મમતબેન ત્રિવેદીની ધારદાર દલીલો અને રજૂ કરેલાં પુરાવાને માન્ય રાખી આરોપી વિપુલભાઈ ઉર્ફે ગડુ રતીલાલ મકવાણાને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૩, ૩૬૬ તથા ૩૭૬ (૨)(એન), ૩૭૬(૨)(જે), ૩૭૬ (૩) તથા પોકસો એકટની ૪, ૬, ૮ તથા ૧૮ તથા અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) સુધારા અધિનિયમ ૨૦૧૫ની કલમ–૩(૨)(૫) મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ. ૧૫,૦૦૦ નો દંડની સજાનો હુકમ સંભળાવ્યો હતો. ઉપરાંત વધુમાં આરોપી દ્વારા ભરેલ દંડની રકમમાંથી રૂપિયા ૧૦ હજાર ભોગ બનનારને વળતર પેટે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવેલ છે.

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

### અમરેલી, લીલીયા, બાબરા પંથકમાંથી હકીકત બહાર આવી

## અમરેલી જિલ્લામાં જુદા–જુદા વિસ્તારમાં સાયબર ફ્રોડ કરી ૩ બેન્ક ખાતામાં લાખો રૂપિયાની હેરફેર

**જુદા–જુદા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડ કરી અને આ ફ્રોડના નાણાં બેન્ક ખાતામાં જમાં કરાવ્યાં બાદ તે ફ્રોડના નાણાં યેન કેન પ્રકારે સગેવગે કરવાનાં બનાવોમાં મોટો ઉછાળો આવ્યો હોય તેમ આવી અનેક ફરિયાદો નોંધાયા બાદ ગઈકાલે બે ફરિયાદ નોંધાયા બાદ આજે વધુ પાંચ જેટલી પોલીસ ફરિયાદ નોંધાતાં જેમા સાયબર ફ્રોડના અર્ધા કરોડ જેટલાં નાણાં જમાં કરવાનાં તથા તે નાણાં સગેવગે કરવાંના કૌભાંડની પોલીસ ફરિયાદ નોંધાતાં સેથી અમરેલી જિલ્લામાં થતું હોય તેમ લાગી રહયું છે.

પ્રથમ બનાવમાં અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ શ્રીરંગ સોસાયટીમાં રહેતાં કુલદિપભાઈ રમેશભાઈ ભુવાએ અમરેલીમાં આવેલ બેન્ક ઓફ ઈન્ડિયા બેંકના એકાઉન્ટનં ૨૭૪૦૧૦૫૧૦૦૦૧૫૦૫ ગત તા. ૨૮/૪/૨૫ ACKNOWLEDGEMENT NO. (૧) ૩૦૮૦૪૨૫૦૦૩૭૬૪૪ સાયબર ફ્રોડના કુલ કુલ રૂપિયા ૫,૦૦,૦૦૦ આર.ટી.જી.એસ., એન.ઈ.એફ.ટી., આઈએમપીએસ થી સાયબર ફ્રોડના રૂપીયા જમા કરી આરોપી પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં મેળવી આ ખાતામાંથી રૂપીયા સગેવગે કર્યા અંગેની અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં લીલીયા તાલુકાના વાઘણીયા ગામે રહેતાં વિરેનભાઈ કાંતીભાઈ શેલડીયા પોતે ઓપરેટ કરતા પોતાના નામના તથા ખોડીયાર કિરાણાના નામના અનુક્રમે બેંક એકાઉન્ટ નં. ૩૬૪૭૦૧૩૩૦૦૬ તથા બેંક એકાઉન્ટ નં. ૪૨૭૨૯૫૧૬૪૯૨ વાળા બેંક એકાઉન્ટમાં ગઈ તા. ૨૬/૩/૨૫ થી તા. ૨/૭/૨૫ ના સમયગાળા દરમ્યાન સાયબર ફ્રોડના કુલ રૂપિયા ૧૨,૧૦,૬૫૭ પોતાના આર્થિક ફાયદા સારૂ સગેવગે કરવા માટે થઈ જમા કરી, કરાવડાવી અને તે રૂપિયા સાયબર ફ્રોડના હોવાનુ જાણવા છતા પોતાના અંગત આર્થીક ફાયદા સારૂ આ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
આમ આદમીનું અખબાર
અમરેલી એક્સપ્રેસમાં
એજન્ટ/પત્રકારની
નિમણુંક કરવાની છે
અમરેલી જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક "અમરેલી એક્સપ્રેસ"નું નિયમિત ડોર ટુ ડોર વેચાણ કરાવી શકે, સ્થાનિક સમાચારો મોકલી શકે અને જાહેરખબરનું કલેક્શન કરી શકે તેવા વ્યક્તિઓની રાજુલા, વીજપડી, સા.કુંડલા, દામનગર, વડિયા, ધારી, ખાંભા, નાગેશ્રી, ટીંબી, ડુંગર, ડેડાણ, લાઠી સહિતના ગામોમાં નિમણુંક કરવાની હોય, જે કોઈ વ્યક્તિ "અમરેલી એક્સપ્રેસ" સાથે જોડાવવા ઉત્સુક હોય તેઓએ નીચેના સ્થળે/સમયે રૂબરૂ અથવા મોબાઈલથી સંપર્ક કરવા જણાવવામાં આવે છે.
મળવાનો સમય
સવારે : ૧૧ : ૦૦ થી ૦૧ : ૦૦ સુધીમાં
મો. નં. ૯૪૨૮૭ ૦૮૩૩૪
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦ ૭૭૪૪૩
amreli express
www.amreliexpress.com
e-mail : amreliexpress1@gmail.com

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Franchise Development Manager - 1
Experience : 1-2 Years
• Sales & Marketing Officer - 2
Experience : 1-2 Years
• Night Billing Executive - 2
Experience : 1-2 Years
• Reporting Manager - 2
Experience : 1-2 Years
• Junior Accountant - 1
Experience : 1-2 Years
• Trainer – 1
Experience : 1-2 Years
Location :
Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957

### ૨૭ ટકા બેઠકો ઓબીસી માટે અનામત જાહેર થયા બાદ

## અમરેલી જિલ્લા પંચાયતની સામાન્ય અને અનામત બેઠકોની યાદી જાહેર કરાઈ

**૩૪ બેઠકોમાંથી ૧૧ બેઠકો બિન અનામત**

અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લા પંચાયતની ૩૪ બેઠકો માટેની વિગતો જાહેર કરવામાં આવેલી છે.

જેમાં આંબરડી, ભેરાઈ, ખાંભા, કોટડી, લીલીયા, સમઢીયાળા મોટા, સરસીયા, શેલણા, ટીંબી, વાંકિયા અને વીજપડી મળી કુલ ૧૧ બેઠકો બિન અનામત જયારે સામાન્ય સ્ત્રી માટે ચાંચ, ચાવંડ, ચિતલ, કેરિયાનાગસ, કોટડાપીઠા, ક્રાંકચ, નાગેશ્રી, નેસડી, જુના વાઘણીયા અને વંડા બેઠકનો સમાવેશ થાય છે. જયારે અનુ.જાતી માટે મોટા આંકડીયા, મોટી કુંકાવાવ, વડિયા બેઠક અનામત છે. જયારે અનુ.જનજાતી માટે મતીરાળા અને બાકીની અન્ય બેઠકો સા.શૈ. પછાતવર્ગનાં પુરૂષ અને સ્ત્રી માટે અનામત જાહેર થયેલ છે.

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)